

* પહેલેથી જ સંસ્કાર નાખવા જોઈએ કે હું સિદ્ધ છું, શુદ્ધ છું, પરમાત્મા છું.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૬ સં. ૨૦૫૨ (૬૨૬) ✻ આત્મધર્મ ✻ (અંક-૬ વર્ષ-૫૨) વીર સં. ૨૫૨૨ ડિસેમ્બર, ૧૯૯૫

## 卐 આગમ-મહાસાગરનાં અણુમૂલાં રત્નો 卐

* જે મનુષ્ય, બીજા જીવના પદાર્થો અથવા ધન હરે છે તે મનુષ્ય તે જીવના પ્રાણ હરે છે, કેમ કે જગતમાં જે આ ધનાદિ પદાર્થો પ્રસિદ્ધ છે તે બધાં જ મનુષ્યોને બાહ્યપ્રાણ છે. ૪૪૨.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થસિદ્ધિ ઉપાય, શ્લોક-૧૦૩)

* જો ક્રોધાગ્નિ વડે મન કલુષિત થઈ જાય તો, નિરંજનતત્ત્વની આવી ભાવનારૂપ નિર્મળ જળ વડે આત્માનો અભિષેક કરવો:-કે જ્યાં જ્યાં જોઉં ત્યાં કંઈ પણ મારું નથી; હું કોઈનો નથી ને કોઈ મારું નથી. (આવી તત્ત્વભાવના વડે ક્રોધ શાંત થઈ જાય છે.) ૪૪૩.

(મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૧૪૦)

* જ્ઞાની પાપોથી લેપાતો નથી જેમ સૂર્ય અંધકારથી વ્યાપ્ત થતો નથી. જ્ઞાની વિષયોથી બંધાતા નથી જેમ કવચ પહેરેલો યોદ્ધો બાણોથી વિંધાતો નથી. ૪૪૪.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા અધિકાર, ગાથા-૩૦)

* જેમ કોઈ પુરુષ તપેલા લોખંડના ગોળા વડે પરને ઈજા કરવા ઇચ્છતો થકો પ્રથમ તો પોતે પોતાને જ ઈજા કરે છે (-પોતે પોતાના જ હાથને બાળે છે), પછી પરને તો ઈજા થાય કે ન થાય-નિયમ નથી. તેમ જીવ તપેલા લોખંડના ગોળા સમાન મોહાદિ પરિણામે પરિણમતો થકો પ્રથમ તો નિર્વિકાર સ્વસંવેદન જ્ઞાનસ્વરૂપ નિજ શુદ્ધ ભાવપ્રાણને જ ઈજા કરે છે. પછી પરના દ્રવ્યપ્રાણોને ઈજા થાય કે ન થાય-નિયમ નથી. ૪૪૫. (શ્રી જયસેન આચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૧૪૯)

* યદ્યપિ ઇસલોકમેં મૃત્યુ હૈ સો જગતકો આતાપકા કરનેવાલા હૈ તો હૂ સમ્યગ્જ્ઞાનીકે અમૃતસંગ જો નિર્વાણ તાકે અર્થિ હૈ. જૈસે કાચા ઘડાકૂં અગ્નિમેં પકાવના હૈ સો અમૃતરૂપ જલકે ધારણકે અર્થિ હૈ. જો કાચા ઘડા અગ્નિમેં નહીં પકૈ તો ઘડામેં જલધારણ નાહીં હોય હૈ, અગ્નિમેં એક બાર પકિ જાય તો બહુતકાલ જલકા સંસર્ગકૂં પ્રાપ્ત હોય. તૈસેં મૃત્યુકા અવસરમેં આતાપ સમભાવનિકરિ એકવાર સહિ જાય તો નિર્વાણકા પાત્ર હો જાય. ૪૪૬. (મૃત્યુમહોત્સવ, શ્લોક-૧૩)

કહાન
સંવત-૧૬
વર્ષ-૫૨
અંક-૬
[ ૬૨૬ ]






વીર
સંવત
૨૫૨૨
સં. ૨૦૫૨
DEC.
A. D. 1995


શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

ગુરુકહાન : અધ્યાત્મમંથન મહાન

# ક્રમબદ્ધનો સ્વીકાર : પુરુષાર્થનો ઉપાડ

[ શ્રી સમયસાર ગાથા ૩૦૮/૩૧૧ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ સળંગ પ્રવચન નં. ૩ ]

જે સમયે જે પર્યાય થવાની છે તે થવાની જ છે એ નિશ્ચય છે—એમાં અજ્ઞાનીને શંકા થાય છે કે એમ માનતા તો નિયત થઈ ગયું! અરે! નિયત એટલે નિશ્ચય છે અને પર્યાયના નિશ્ચયથી પર્યાયની ને પરની કર્તાબુદ્ધિ છૂટી જાય છે એટલે જ્ઞાતાદૃષ્ટિ થાય છે અને જ્ઞાતાપણું થવું તે ક્રમબદ્ધનું પ્રયોજન છે.

—પૂજ્ય ગુરુદેવ

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. જીવ પરનો કર્તા નથી—એમ સાબિત કરવું છે. આત્મા કારણ છે અને જડનાં કાર્ય તેનાં છે એમ નથી. એ વિષયને સિદ્ધ કરતાં આત્મા જ્ઞાયક છે એમ સિદ્ધ કરેલ છે. જીવ પોતાના પરિણામને ક્રમસર ઉપજાવે છે. જીવદ્રવ્ય છે. તેના અનંત ગુણો છે. "ઉપજાવતો થકો" તે શબ્દ પર્યાય સૂચક છે. પોતાના કાર્યપણે ઊપજતો જીવ છે. અનંતગુણોના પરિણામો ક્રમસર છે. પરના કાર્યમાં

જીવ કારણ નથી અને પોતાના કાર્યમાં પર કારણ નથી. તેમ જ પોતાના ક્રમસર પરિણામમાં ફેરફાર થાય તેમ નથી. ક્રમસર પરિણામ થાય છે, તે રૂપે ઊપજતો થકો જીવ જ છે. પરનું કાર્ય ન કરે તે તો બરાબર છે પણ પોતાનામાં પરિણામ થાય છે તે ક્રમસર થાય છે એ કેવી રીતે? ભાઈ, પરનું કાર્ય ન કરે તેમાં જ પોતાનો પ્રવાહ ક્રમસર ચાલે છે તેમ સિદ્ધ થાય છે. જો એમ જ છે, તો પછી આમ કરો અથવા આમ ન કરો એમ ઉપદેશ કેમ આવે છે? ભાઈ, તે બધું પણ ક્રમસર છે. જીવ ક્રમપૂર્વક ક્રમે ક્રમે પોતાના અનંતગુણોના પરિણામોથી ઊપજે છે. પ્રદેશત્વ આદિ ગુણોની પર્યાય તે કાર્ય છે અને જીવ પોતે તેનો કર્તા છે. જો ક્રમસર થતું હોય તો ઉપદેશ નિરર્થક જાય છે—એમ કોઈ કહે તો તેનું સમાધાનઃ—ઉપદેશ તેના ક્રમે આવે છે. વક્તાનું જ્ઞાન ક્રમસર છે. શ્રોતાનાં જ્ઞાન અને રાગ પણ ક્રમસર છે. 'તમે સુધરો' —એમ ગુરુ કહે તો તેમાં ક્રમ બદલવો છે? ના—એના ક્રમે એના પરિણામ થશે. તું તેનો કર્તા નથી. દરેક દ્રવ્યનાં કારણ. કાર્ય પોતામાં રહેલાં છે. જો પાપ ક્રમસર થયેલ છે તો પછી આલોચના અને પ્રતિક્રમણાદિ શા માટે કરવાં? શાસ્ત્રોમાં પ્રાયશ્ચિત વગેરે લેવાની વિધિ કેમ આવે છે? ભાઈ, તેને પાપના પરિણામ ક્રમસર આવેલ હતા અને તેની આલોચનાનો શુભભાવ પણ ક્રમસર આવે છે.

પ્રશ્નઃ—તો પછી ચારિત્ર લેવું, એકત્વ, અનિત્ય આદિ ભાવના ભાવવી, તપ કરી કર્મની નિર્જરા કરવી—એવા કથનનો આશય શું સમજવો? ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થતાં પરનું કાર્ય મારું છે ને હું તેનો કર્તા છું એવા ભાવ ઊડી જતાં સાધકના અનંતા ગુણોનો પ્રવાહ સ્વસન્મુખ રહે છે, અને જ્ઞાતાદૃષ્ટાપણે પરિણમતાં ક્રમે ક્રમે કેવળજ્ઞાન પામે છે, તેથી સાધકદશામાં શું શું થાય છે તેનું જ્ઞાન શાસ્ત્રે કરાવ્યું છે પણ તેથી ક્રમ ફરી જાય છે એમ સમજવું નહિ. રેલવેગાડી જે બાજુ ચાલે તે બાજુની દિશામાં ડબ્બામાં બેઠેલો માણસ જાય તો ક્રમસર કહેવાય અને તે માણસ ગાડીનાં ડબ્બામાં ગાડી ચાલતી હોય તેથી ઊલટી દિશામાં કોઈ કારણસર જાય તો અક્રમસર કહેવાય એમ કોઈ કહે છે, પણ તે માન્યતા અયથાર્થ છે. કોઈ ભાઈ બહારના ક્ષેત્રમાં આમથી આમ ચાલ્યો માટે તેની પર્યાય અક્રમે થઈ એમ નથી. દ્રવ્યની પર્યાય એટલે કે તેનો ઊર્ધ્વપ્રચય સમયે સમયે વહે છે. એક પછી એક ક્રમસર થાય છે. તેના પ્રવાહક્રમ મુજબ દરેક પર્યાય સ્વકાળે થાય છે, તે કાળક્રમમાં ભેદ પડતો નથી કે આઘો-પાછો થતો નથી. પરનો તું કર્તા નથી અને તારા કાર્યનો પર કર્તા નથી. પર્યાય પ્રવાહે વહે છે તેમાં પર કર્તા ન હોય. આત્મા વસ્તુ છે. તેના ગુણ અક્રમ—એક સાથે છે, તે તિર્યક્પ્રચય છે, તિરછા પડેલા છે, અને પર્યાયોનો ઊર્ધ્વપ્રચય છે કેમકે એક પછી એક

ક્રમસર થાય છે. આત્મામાં એ રીતે કથંચિત્ ક્રમ છે, કથંચિત્ અક્રમ છે—એમ અનેકાંતની સપ્તભંગી પોતામાં નીચે મુજબ લાગુ પડે છે. (૧) કથંચિત્ આત્મદ્રવ્ય ક્રમવર્તી છે; પર્યાય અપેક્ષાએ. (૨) કથંચિત્ આત્મદ્રવ્ય અક્રમવર્તી છે; ગુણ અપેક્ષાએ. (૩) આત્માના અનંતાગુણો એક સાથે છે તે અપેક્ષાએ આત્મા અક્રમવર્તી છે અને પર્યાય એક પછી એક થાય છે તેથી આત્મા ક્રમવર્તી છે—એમ બન્ને સ્વરૂપ એક સાથે હોવા છતાં તે ક્રમશઃ કહી શકાય છે માટે આત્મા કથંચિત્ ક્રમવર્તી અક્રમવર્તી છે. (૪) ક્રમવર્તી અને અક્રમવર્તી એક સાથે કહી શકાતા નથી—માટે આત્મા કથંચિત્ અવક્તવ્ય છે. (૫) આત્મા પર્યાય અપેક્ષાએ ક્રમવર્તી છે, પણ ક્રમવર્તી અને અક્રમવર્તી એકી સાથે કહી શકાતું નથી માટે આત્મા કથંચિત્ ક્રમવર્તી અવક્તવ્ય છે. (૬) આત્મા ગુણ અપેક્ષાએ અક્રમવર્તી છે પણ ક્રમવર્તી અને અક્રમવર્તી એકી સાથે કહી શકાતું નથી માટે આત્મા કથંચિત્ અક્રમવર્તી અવક્તવ્ય છે. (૭) આત્મા ક્રમવર્તી અને અક્રમવર્તી છે—એમ ક્રમશઃ કહી શકાય છે, પણ બન્નેને યુગપદ્ કહી શકાતા નથી. માટે આત્મા કથંચિત્ ક્રમવર્તી–અક્રમવર્તી અવક્તવ્ય છે—એમ સાત ભંગ ઊતરે છે, પણ પર્યાય કથંચિત્ અક્રમવર્તી અને કથંચિત્ ક્રમવર્તી એવું અનેકાંત હોતું નથી.

કોઈ કહે કે સિદ્ધને આનંદ પ્રગટ્યો તેમાં કથંચિત્ આનંદ અને કથંચિત્ દુઃખ એમ અનેકાંત કહો તો તે બરાબર નથી. સિદ્ધને અંતરમાં કે બાહ્યમાં જરા પણ દુઃખ નથી. જો દુઃખ હોય તો કથંચિત્ ઊતરે, પણ તેમને તેવું દુઃખ નથી. તેથી તેમાં દુઃખ વિષેનું અનેકાંત ઊતરે નહિ. તેવી રીતે પર્યાયમાં કોઈવાર ક્રમ અને કોઈવાર અક્રમ એમ અનેકાંત ઊતરે નહિ. કારણ કે પર્યાય અક્રમ છે જ નહિ. આત્મા અનંતા ગુણોના પરિણામપણે ઊપજતો થકો જીવ છે. પોતે કર્તા છે, અને પર્યાય તેનું કાર્ય છે. આ રીતે પોતાના સ્વરૂપને માને તે જીવ છે.

પ્રાયશ્ચિતના ભેદ આવે તે ક્રમસર છે. શ્રદ્ધાનો પર્યાય, જ્ઞાનનો પર્યાય, શુભ-વિકલ્પનો પર્યાય ક્રમસર આવેલ છે તેમ જ્ઞાન જાણે છે. એમાં આડું-અવળું કરવા ઇચ્છે તે જીવ જ નથી.

અજીવમાં પાંચ દ્રવ્ય લેવા. એક એક પરમાણુ, એક એક કાળાણુ, એક ધર્મ, એક અધર્મ અને એક આકાશ એમ પાંચ અજીવ છે, તેના કાળે કર્તા થઈને દરેક દ્રવ્ય કર્મરૂપે પરિણમતું અજીવ છે. પરમાણુ આદિમાં ક્રમસર પરિણામ થયા કરે છે. જીવ કર્તા થઈને પરમાણુનું કાર્ય કરે એમ છે જ નહિ. એક એક પરમાણુમાં અનંતા ગુણો છે. ભાષા ભાષાના કારણે પરિણમે છે. " કેવળીને ઇચ્છા વિના ભાષા છે, માટે

તે ક્રમસર છે, પણ છદ્મસ્થને ઇચ્છા છે માટે તેની ભાષા અક્રમસર છે" એમ કોઈ કહે તો તે વાત ખોટી છે. છદ્મસ્થને પણ ભાષા ક્રમસર જ છે.

જીવ પોતાના પરિણામરૂપે ઊપજે છે એટલે જીવ પોતે કર્તા અને પરિણામ તેનું કાર્ય છે. તે પ્રકારના રાગરૂપે, જ્ઞાનરૂપે, શ્રદ્ધારૂપે, એક સમયે પરિણમતો પોતે અભિન્ન છે. માટે રાગરૂપ વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી—એમ રહેતું નથી. વળી રાગને લીધે જ્ઞાન થાય એમ રહેતું નથી. વ્યવહાર કારણ અને નિશ્ચય કાર્ય એમ છે જ નહિ. વળી આમાં સમય સમયના પરિણામની યોગ્યતા પણ આવી. "ઇષ્ટોપદેશ" શબ્દનો અર્થ વહાલો અથવા યોગ્ય ઉપદેશ એવો થાય છે તે એમ કહે છે કે સમય સમયના પરિણામ સ્વતંત્ર છે. ઇષ્ટોપદેશ શાસ્ત્રને જૈનનું ઉપનિષદ્ કહે છે. પોતાની પર્યાયનો પોતે કર્તા છે. એ જ ઇષ્ટ ઉપદેશ છે, તેનાથી વિરુદ્ધને ઇષ્ટ ઉપદેશ કહેવાતો નથી. આ રીતે ક્રમબદ્ધ પર્યાયમાં નિશ્ચય વ્યવહાર પણ આવ્યા ને યોગ્યતા પણ આવી માટે પરને લીધે પોતામાં કાર્ય થાય—તે વાત રહેતી નથી.

ક્રમસરમાં કેવળજ્ઞાન નક્કી થયું. કેવળજ્ઞાનીએ દ્રવ્ય-ગુણ-પર્યાયનો આવો ધર્મ જોયો છે. કેવળજ્ઞાનીએ જોયું છે માટે નહિ, પણ એવો જ દ્રવ્ય-ગુણ-પર્યાયનો સ્વભાવ છે એમ જાણવું. પરથી રાગ થતો નથી. પોતાની યોગ્યતાથી રાગ થાય છે. પર તેનો કર્તા નથી. રાગની યોગ્યતાને જાણવાવાળું જ્ઞાન એ જ સમયે પ્રગટ્યું છે—આમ નિશ્ચય વ્યવહાર બન્ને આવી જાય છે. ક્રમબદ્ધપર્યાયમાં અનેકાંત છે. તે એવી રીતે કે જીવ પોતે પોતાનું કાર્ય કરે છે, માટે જીવ છે અને બીજાનું કરતો નથી—માટે અજીવ નથી. પોતાના પરિણામરૂપે ઊપજતો જો અજીવનાં કાર્ય કરે તો જીવ રહેતો નથી. જીવમાં ક્રમબદ્ધ પરિણામ થાય તેને બદલે પરિણામ વિષમતાથી થાય એમ માને તે ક્રમબદ્ધને સમજતો નથી, કેવળી ભગવાનને સમજતો નથી, નિશ્ચય-વ્યવહારને સમજતો નથી, યોગ્યતાને સમજતો નથી. આત્મામાં સર્વજ્ઞ શક્તિ ત્રિકાળ પડી છે. અંતરની નજરની આળસે મેં હરિને જોયા નહિ.

"મારા નયનની આળસે રે, મેં ન નીરખ્યા હરિને જરી"—મારા પ્રમાદના કારણે પાપને હરનાર એવા મારા આત્મારૂપી હરિને અંતર્ચક્ષુથી ન જોયા. અલ્પજ્ઞની જ્ઞાનપર્યાય સ્વને જાણે છે; અને રાગને પણ જાણે છે. જ્ઞાનપર્યાય બીજી પર્યાયને ઉત્પન્ન ન કરે તે વાત સાચી પણ બીજા ગુણની પર્યાયને જાણે નહિ તેમ બને નહિ, ક્રમે ક્રમે પરિણામ ઊપજે અને જ્ઞાન ઊપજે, તેમાં જ્ઞાન જ્ઞાનને જાણે તે નિશ્ચય છે, અને પર પર્યાયને જાણે તે વ્યવહાર છે. રાગ ભિન્ન ભિન્ન ઊપજે, તે વખતે જ્ઞાન ભિન્ન ભિન્ન ઊપજતું જાય છે. આવા પરિણામથી ઊપજતો જીવ તે જીવ છે—અજીવ નથી. રાગ

રહ્યો તેને જાણે છે–આમ નિશ્ચય અને વ્યવહાર બન્ને સાથે છે. પહેલો વ્યવહાર અને પછી નિશ્ચય એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. નિશ્ચય-વ્યવહારને સાથે જાણે તે જીવ છે, તે લોકોત્તર જીવ છે. આત્મા એક સમયમાં અનંતા ગુણોની પર્યાયોરૂપે ક્રમબદ્ધ ઊપજે છે–એમ નહીં જાણતાં જે પરથી રાગ માને અથવા રાગથી જ્ઞાન માને તે લોકોત્તર જીવ નથી. પણ લૌકિક જન છે. ચેતનના ક્રમબદ્ધપર્યાયને ન માને તે અન્યમતી છે. પદાર્થનો જેવો ધર્મ છે, તેનાથી ઊલટો માનનાર અન્યમતી છે. જગતનો બનાવનાર ઈશ્વર છે એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. તેવી રીતે દ્રવ્યકર્મને લીધે રાગ માને અને રાગના કારણે સ્વભાવનું કાર્ય માને તે લૌકિક જન મિથ્યાદૃષ્ટિ છે. લોકોત્તર કેવળજ્ઞાનથી જે વાત જણાવી તે વાત લૌકિક જનને બેસતી નથી.

આ વાત પ્રથમ ખ્યાલમાં લેવી જોઈએ. જે વાતનો ખ્યાલ અને રુચિ નથી તેને તેનું વર્તન હોઈ શકે નહીં. જ્યાં જ્ઞાન જે તરફની રુચિ કરશે ત્યાં તે જ્ઞાન ઠરશે. સ્વમાં ઠરવાની વાત છે. જ્ઞાને ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર્યો ત્યાં સ્થિરતાનો અંશ આવી જાય છે. ઓછો–વત્તો ઊઘાડ હોય તે જુદી વાત છે, પણ આવી શ્રદ્ધા કરતાં બધા ગુણો સ્વભાવ તરફ ઢળતાં, બધા ગુણોમાં અંશે નિર્મળતા પ્રગટે છે.

જીવ પોતાના અંશથી કાર્ય કરતો થકો જીવ જ છે, અજીવ નથી. અજીવનું તું કાર્ય કરનાર નથી, અજીવનો કર્તા નથી, અજીવનું સાધન નથી, અજીવનો આધાર નથી. ભાઈ, આ એકાંત નિયતવાદ નથી, પણ પદાર્થનું યથાર્થ સ્વરૂપ છે. અજ્ઞાની અતત્ત્વ-શ્રદ્ધાને તત્ત્વશ્રદ્ધા માને છે તેથી તે તેને કેવી રીતે ફેરવે? ન જ ફેરવે.

આ એક જ નિયમમાં બધા ખુલાસા આવી જાય છે. સ્વભાવથી વિરુદ્ધ વાત તે લૌકિક ખુલાસો છે, યથાર્થ ખુલાસો નથી. જીવનું સ્વરૂપ નહિ માનનાર અજીવ છે, લૌકિક છે, અન્યમતી છે. ક્રમબદ્ધપર્યાયની વાત પોતાના ઘરની છે. ધ્યાન રાખે તો નવો નવો ઉઘાડ પ્રગટ થતો જાય છે. લૌકિક જ્ઞાનમાં પૂર્વના ઉઘાડ જેટલું જાણી શકે છે, પણ અલૌકિક માર્ગમાં રાગ મંદ પડતાં પુરુષાર્થ પ્રમાણે નવો નવો જ્ઞાન પર્યાય ખીલતો જાય છે.

માટી પોતાના અનંત ગુણોના પરિણામોથી ઊપજતી, સ્પર્શ, રસ, ગંધ, વર્ણરૂપે તથા વ્યંજન પર્યાયરૂપે ઊપજતી અજીવ જ છે. તે અજીવનું કાર્ય કુંભારનો જીવ કરે તેમ કદી બનતું નથી. કોઈ કહે છે કે પાણીમાં લીલો રંગ નાખે તો પાણી લીલું થાય, અને લાલ રંગ નાખે તો લાલ થાય. જેવું નિમિત્ત આવે એવા પરિણામ થાય તો એમ માનનાર અજ્ઞાની છે. પરમાણુમાં અનંત ગુણો છે, તે પોતાના

પરિણામપણે-કાર્યપણે ઊપજે છે. ક્રમબદ્ધના નિયમ મુજબ કાર્યપણે ઊપજે છે, તેમાં કોઈ ફેરફાર કરી શકતું નથી. જીવ પુદ્‌ગલનો કર્તા નથી. પરમાણુની પર્યાય નિયત જે સમયે જે થવાની તે સમયે તે જ થાય છે. તેનો કાળ ન હતો અને જીવે તે પર્યાય કરી એમ માને તો વસ્તુ રહેતી નથી. ખરેખર વસ્તુ તો રહે છે, પણ પોતાનું જ્ઞાન ભ્રષ્ટ થાય છે. રોટલીના પરમાણુમાં દરેક પરમાણુ પોતાના અનંત ગુણોરૂપે ઊપજે છે-પોતાના પરિણામે ક્રમબદ્ધ ઊપજે છે-એક પરમાણુ સ્કંધમાં આવ્યો માટે વિભાવરૂપે થયો છે, એમ નથી. જે એમ માને તે જ્ઞેયનું સ્વરૂપ જાણતો નથી, તેમ જ તેનું જ્ઞાન ખોટું છે. તે પરમાણુ સ્વયં સ્થૂલ કાર્યરૂપે ઊપજતો પોતે જ તે પર્યાયનો કર્તા છે. એક પરમાણુમાં જેવો સ્વભાવ પર્યાયપણે હતો, તેવો સ્કંધમાં રહ્યો નથી. સાકરપણે જે પરમાણુ થયો છે, તેમાં વિભાવરૂપ પરિણમન થયું છે. એક રજકણમાં સ્વાદની યોગ્યતારૂપે ઊપજતો તે પરમાણુ પોતાનું કાર્ય કરે છે. સ્કંધને લીધે તે રૂપે થયો નથી. જ્યારે છૂટો હતો ત્યારે જેવો સ્વાદ હતો તેવો સ્વાદ રહ્યો નથી અને વિભાવ પર્યાય થઈ છે, તે વૈભાવિક શક્તિની યોગ્યતાથી તે રૂપે પરિણમ્યો છે, પણ સ્કંધને લીધે (બીજા પરમાણુઓને લીધે) તેવો થયો નથી.

એક પરમાણુ સ્કંધમાં ભળે છે ત્યારે સ્થૂળપણે પોતે જ પરિણમેલ છે. તે વખતે તે સૂક્ષ્મ રહ્યો નથી. સ્થૂળપણે પોતાના કારણે થયો છે, પણ સ્કંધને લીધે સ્થૂળ થયો નથી. જેવો પદાર્થ છે, તેવું જ તેનું યથાર્થ જ્ઞાન કરવામાં જ ધર્મ છે.

કુદેવ-કુગુરુને લીધે ભ્રાંતિ નથી. અજ્ઞાનીને પોતાના કારણે ભ્રાંતિ થાય છે, પણ તેનું અજ્ઞાનીને ભાન નથી. જો ભાન થાય તો કુદેવાદિની શ્રદ્ધા છૂટી જાય.

આ લાકડામાં એક પરમાણુ ભળ્યો છે તેથી તેની પર્યાય સ્વાભાવિક રહી નથી એમ નથી. પોતાના કારણે વૈભાવિક થઈ છે-એમ જો જાણે તો જ્ઞાન સાચું છે. પોતાની સ્વતંત્રતાને જાણતું જ્ઞાન પરની સ્વતંત્રતાને જાણી લ્યે છે. પરને લીધે જ્ઞાન માને તો તે જ્ઞાન ખોટું છે.

વળી કોઈ કહે કે પુદ્‌ગલ પરતંત્ર છે. શું ડ્રાઈવર વિના મોટર ચાલે છે? ભાઈ, તે બધી પરાધીન દૃષ્ટિ છે. પોતાને પરથી ભિન્ન દેખે છે તથા પરમાણુઓને ભિન્ન ભિન્ન કાર્ય કરતા દેખે છે, છતાં પણ અજ્ઞાની પરને લીધે કાર્ય માને છે, તેથી તેનાં શ્રદ્ધા-જ્ઞાન-વર્તન ત્રણે ઊંધા છે.

જીવ રાગ કરે માટે કર્મને પરિણમવું પડે, ઇચ્છા કરે માટે હાથને ઊંચું થવું પડે, સાકર નાખે તો પાણી મીઠું થાય—એવું છે જ નહિ, તે બધાં પુદ્‌ગલો પોતે કર્તા થઈને તે તે કાર્યરૂપ ઊપજે છે. એક પરમાણુની પર્યાય બીજા પરમાણુનું કાર્ય નથી.

શિક્ષક વિદ્યાર્થીને ભણાવતા નથી. એકવાર સ્વતંત્રતાના ઢંઢેરાને ખ્યાલમાં તો લે.—શાસ્ત્રમાં કથન આવે છે કે સંસ્કાર પામીને આમ થાય. પણ ભાઈ, તે તો તે વખતના શિષ્યના ક્રમને જણાવેલ છે. કોઈના સંસ્કારથી કોઈ અન્યના સંસ્કાર થતાં નથી. લુહારથી ધનુષ્યબાણ થતું નથી. પણ તેનું એક એક પરમાણુ સ્વતંત્ર છે—એવા ભાન વિના પરથી તારું જ્ઞાન ભિન્ન છે—એ ખ્યાલમાં નહીં આવે. રાગથી ને પરથી જ્ઞાન ભિન્ન છે—એમ ખ્યાલમાં લ્યે તો જ્ઞાન સ્વ તરફ વળતાં પરનું કર્તાપણું છૂટી, ભ્રાંતિનો નાશ થાય.

અજીવની પર્યાયમાં જીવ ફેરફાર કરે અથવા બીજો અજીવ ફેરફાર કરે એમ માને તો પદાર્થ રહેતો નથી. છતાં કોઈ એવું માને તો મિથ્યાદૃષ્ટિ છે. [ ક્રમશઃ ]

## 卐 તું કર્તા નથી પણ જ્ઞાતા જ છો 卐

* દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે એટલે પરદ્રવ્યની પર્યાયને ફેરવવાનું તો રહ્યું નહિ, પરદ્રવ્યની પર્યાયને તો ફેરવી શકતો જ નથી પણ પોતાની પર્યાય જે ક્રમસર થવાની તે જ થાય છે તેથી તેને પણ ફેરવવાનું રહ્યું નહિ. જે પર્યાય ક્રમસર થાય તેનો જાણનાર જ છે. આહાહા! આ વીતરાગતા છે. ભગવાન સર્વજ્ઞે દેખ્યા પ્રમાણે દરેક દ્રવ્યના ત્રણકાળના પર્યાયો જે કાળે જે થવાના તે જ થવાના છે. ભગવાને દેખ્યું છે માટે થવાના છે એમ નહિ પણ દરેક દ્રવ્યના પર્યાયો પોતાથી જ ક્રમબદ્ધ જે થવાના તે જ થાય છે. તેને બીજો તો ફેરવી શકે નહિ પણ પોતે પણ પોતામાં થતાં ક્રમસર પરિણામને ફેરવી શકે નહિ, માત્ર જાણી શકે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે ત્યારે ક્રમબદ્ધપર્યાયનો સાચો નિર્ણય થાય છે. પર્યાયના ક્રમ સામું જોતાં ક્રમબદ્ધનો સાચો નિર્ણય થઈ શકે નહિ, જ્ઞાયક તરફ ઢળે છે ત્યારે જ્ઞાયકનો સાચો નિર્ણય થાય છે, એ નિર્ણયમાં અનંતો પુરુષાર્થ આવે છે. જ્ઞાન સાથે આનંદનો સ્વાદ આવે ત્યારે તેને સમ્યગ્દર્શન થયું છે. સર્વજ્ઞે દેખ્યું છે તેમ થાય, પર્યાય ક્રમબદ્ધ થાય, એના નિર્ણયનું તાત્પર્ય જ્ઞાન-સ્વભાવ ઉપર દૃષ્ટિ કરવી એ છે. આત્મા કર્તા નથી પણ જ્ઞાતા જ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

# ▣ સ્વતંત્રતાનો ઢંઢેરો ▣

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૪૦ )

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેમાં કર્તા કર્મ ક્રિયાદ્વારનો શ્લોક છે તેના ઉપરનું પં. બનારસીદાસજીનું પદ્ય આ પ્રમાણે છે.

एक करम कर्तव्यता, करै न करता दोई ।
दुधा दरव सत्ता सधी, एक भाव क्यौं होइ ॥ ९ ॥

અર્થ:—એક કર્મની એક જ ક્રિયા અને એક જ કર્તા હોય છે, બે નથી હોતા; તો જીવ અને પુદ્ગલ ભિન્ન ભિન્ન સત્તાવાળા બે દ્રવ્ય હોવાથી તેનો સ્વભાવ એક કેમ હોય શકે? ( ન જ હોય. )

જડ અને ચેતન ભિન્ન ભિન્ન દ્રવ્ય છે તો તેના વર્તમાન કાર્યનો કર્તા તે તે દ્રવ્ય જ છે. જીવનું કાર્ય જડ કરતું નથી અને જડનું કાર્ય જીવ કરતો નથી. કોઈ પણ એક કર્તવ્યના કર્તા બે દ્રવ્ય ન હોઈ શકે. જેમકે આત્મામાં વર્તમાનમાં રાગ-દ્વેષનું કાર્ય થાય છે તેનો કર્તા અજ્ઞાની જીવ છે, કર્મ તેનો કર્તા નથી. જીવ પણ રાગને કરે અને કર્મ પણ રાગને કરે એમ બનતું નથી. બે દ્રવ્ય સાથે મળીને એક દ્રવ્યના કાર્યને કરે એમ બની શકતું જ નથી.

આત્મામાં જ્ઞાનની હીનતા થઈ રહી છે તે કાર્યને જીવ કરે છે, કર્મ કરતું નથી. જીવ પણ જ્ઞાનની હીનતાને કરે અને કર્મ પણ કરાવે એમ બનતું નથી. સમયસાર આદિમાં દૃષ્ટાંત આપ્યાં છે કે 'જેમ હળદર અને ફટકડી મળતાં લાલ રંગ થાય છે. માતા અને પિતા બંને વડે બાળક થાય છે. એક દ્રવ્યથી કાર્ય થતું નથી, એક કાયના કર્તા બે દ્રવ્ય છે' એ કથન નિમિત્ત બતાવવા માટે છે. બાકી કાર્ય તો એક દ્રવ્યથી જ થાય છે. વિકારને જીવ પણ કરે અને કર્મ પણ કરાવે એમ બનતું નથી. અજ્ઞાની જીવ પોતે એકલો જ વિકારને કરે છે, કર્મ તેને વિકાર કરાવતું નથી.

જીવ બીજાની દયા પાળે છે એમ કહેવાય છે તેમાં જીવ તો માત્ર દયાના ભાવ કરે છે. સામા જીવની દયા તો તેના પોતાથી પળાય છે. તેનું આયુષ્ય હોય તો એ બચે

છે. આયુષ્ય ન હોય તો પહેલાને દયાના ભાવ હોવા છતાં તે બચતો નથી. આમ જીવ એક પોતાના જ કાર્યનો કર્તા છે.

શ્રોતા :—આમાં ભાગીદારીમાં કામ ન થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ના, ભાગીદારીથી કામ થતું જ નથી. જીવ તો અજ્ઞાનદશામાં માત્ર રાગ કરે છે પણ બીજાનું કાર્ય તે કરી શકતો નથી. એક કાર્યના કર્તા બે દ્રવ્ય હોઈ જ ન શકે. રૂપિયા બીજાને આપો છો તેમાં રૂપિયા એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાનું કાર્ય રૂપિયાના પરમાણુથી થાય છે તેના કર્તા તમે નથી. તમે તો રૂપિયા દેવાના ભાવનું કાર્ય કરો છો.

માટે અહીં કહ્યું છે કે જડ અને ચેતનની સત્તા જુદી છે, બંને દ્રવ્યો ભિન્ન છે તો તેનો સ્વભાવ એક કેમ હોઈ શકે! બંનેની સત્તા જુદી છે તે એક દ્રવ્ય બીજા દ્રવ્યની ક્રિયાને કેમ કરે!

કર્તાકર્મ અધિકારની ૮૬મી ગાથાના આ બધાં શ્લોકો છે.

દયાના ભાવ થયા તે સામો જીવ દુ:ખી છે માટે થયા તેથી સામો જીવ અને આ જીવ બંને તે દયાના કર્તા છે એમ નથી. આ રૂપિયાની નોટ સામા પાસે જાય છે તે પરમાણુનું કાર્ય છે અને હાથનું પણ કાર્ય છે એમ નથી. હાથ તો માત્ર નિમિત્ત છે. પરમાણુ સ્વયં ત્યાં જાય છે.

પરમાણુમાં અને આત્મામાં જે સમયે જે દશા થાય છે તે તેનું કર્મ અથવા કાર્ય કહેવાય છે. બંને ભાગીદારીમાં એક કાર્યને કરી શકતા નથી. પરમાણુ અને આત્મામાં દરેક સમયે અવસ્થા પલટે છે તે તેની પોતપોતાની ક્રિયા છે. એક સમયમાં જે ક્રિયા હતી તે પલટીને બીજા સમયે બીજી ક્રિયા થાય છે તેનો કર્તા તેનું દ્રવ્ય છે. મૂળ પાઠમાં જુઓને **नोभौ परिणमतः खलु परिणामो नोभयोः प्रजायेत ।** આ સિદ્ધાંત છે કે એક જ ક્રિયા અને કર્મના કર્તા બે દ્રવ્ય ન હોઈ શકે. આ માટે દાખલો આપીએ તો સમજાય. દા. ત. ભગવાનની પ્રતિમા-સ્થાપનનું કાર્ય થાય તે પરમાણુએ પણ કર્યું અને ભક્તોએ પણ કર્યું એમ નથી. જે દ્રવ્ય પરિણમે છે તે જ તે ક્રિયાનો કર્તા છે. માટે પરમાણુ તેનો કર્તા છે. પરમાણુ અને આત્મા બે ભિન્ન દ્રવ્ય છે. આત્મા પરમાણુના કાર્યને કરતો નથી. આત્મામાં વિકલ્પ થાય છે માટે પરમાણુનું કાર્ય થાય છે એમ નથી.

જેનું હોવાપણું—સત્તા જ જુદી છે તેની ક્રિયાનો કર્તા બીજું દ્રવ્ય હોઈ જ ન શકે. આત્મા રાગ પણ કરે અને ધંધો પણ કરે એમ ન બને. ધંધો ન કરે પણ બે કલાક દુકાનમાં જઈને બેસે અને ધ્યાન રાખે તો ફેર તો પડે કે નહિ! ફેર પડતો દેખાય

પણ છે પણ તેનો કર્તા જીવ નથી. શેઠનો ભાવ શેઠ પાસે રહે છે અને જડનો ભાવ જડ પાસે રહે છે. એક બીજાના ભાવને કરે એમ ત્રણકાળ ત્રણલોકમાં બની શકતું નથી.

દયાથી મેઘકુમારનો પરિત સંસાર થયો એવી વાત બીજામાં આવે છે તે માત્ર કલ્પિત છે. રાગથી સંસારનો અભાવ કેમ થાય! રાગથી સંસાર પરિત થાય એ જૈનનો સિદ્ધાંત જ નથી. પરની દયાથી ભવ ઘટે પણ નહિ. સમ્મેદશિખરની એકવાર વંદના કરે તેને નરક-પશુ ગતિ ન થાય એ વાત પણ યથાર્થ નથી. શું સમ્મેદશિખર જીવના ભાવને કરી શકે છે! ભગવાનની પ્રતિમાથી જીવને શુભભાવ થાય છે એમ નથી. જીવ સ્વયં શુભભાવને કરે છે, પ્રતિમા જીવના પરિણામને કરતી નથી. બે દ્રવ્યની ક્રિયાને એક દ્રવ્ય કરી જ ન શકે. પ્રતિમા પોતાની અવસ્થાને કરે છે, બીજા જીવની અવસ્થાને કરતી નથી.

અચેતન કર્મ અથવા ક્રિયાનો કર્તા અચેતન જ હોય અને ચેતનની ક્રિયા અથવા કર્મનો કર્તા ચેતન જ હોય. આ વાત જેને માન્ય નથી તે મિથ્યાદૃષ્ટિ છે. દિગંબર સંપ્રદાયમાં રહીને પણ કોઈ એક કાર્યના કર્તા બે દ્રવ્યને માને તો તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. કોઈ તો એમ કહે છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ન કરે એમ જે માને છે તે દિગંબર જૈન નથી. તો અહીં તો કહે છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરે એમ માને છે તે દિગંબર જૈન નથી.

હવે દસમા પદ્યમાં કર્તા-કર્મ-ક્રિયા ઉપર વિચાર કરે છે.

एक परिनामके न करता दरव दोइ,
दोइ परिनाम एक दर्व न धरतु है ।
एक करतूति दोइ दर्व कबहूँ न करे,
दोइ करतूति एक दर्व न करतु है ॥
जीव पुद्गल एक खेत-अवगाही दोउ,
अपने अपने रूप कोउ न टरतु है ।
जड़ परिनामनिकौ करता है पुदगल,
चिदानन्द चेतन सुभाउ आचरतु है ॥ १० ॥

જુઓ! શું કહે છે! એક પરિણામના કર્તા બે દ્રવ્ય હોતા નથી. જ્ઞાનાવરણાદિ કર્મ બંધાય છે તેની બંધાવાની ક્રિયાનો કર્તા કર્મ છે. છ પ્રકારના કારણોથી જ્ઞાનાવરણી કર્મ બંધાય છે એમ કહ્યું છે માટે તે છ પ્રકારના ભાવ કર્મને બાંધવાની ક્રિયા કરે છે

એમ નથી. આત્મા જ્ઞાનાવરણીકર્મને બાંધે એ વાત તદ્દન જૂઠી છે. જ્યારે કર્મ બંધાય છે ત્યારે જીવના ભાવ નિમિત્તરૂપે હોય છે માટે જીવે કર્મ બાંધ્યા એમ વ્યવહારથી કહેવામાં આવે છે. તત્ત્વાર્થસૂત્રમાં આ બધું આવે છે કે છ કારણથી જ્ઞાનાવરણીય બંધાય છે, બીજા છ કારણથી દર્શનાવરણીય કર્મ બંધાય છે એમ દરેક કર્મ બંધાવામાં જીવના જે જે ભાવ નિમિત્ત છે તે તેમાં કહ્યાં છે. આત્મા જ્ઞાનની અશાતનાના પરિણામને કરે છે પણ કર્મ બાંધવાનું કાર્ય આત્માનું નથી. કર્મના પરિણામને કર્મ જ કરે, જીવ કર્મના પરિણામને કરતો નથી.

નિમિત્ત આવે તો ઉપાદાનનું કાર્ય થાય એ વાત તદ્દન જૂઠી છે. ઉપાદાન પોતે જ પોતાની તે તે સમયની ક્રિયાનો કર્તા છે. ઉપાદાન અને નિમિત્ત બંને મળીને એક કાર્યને કરે છે એમ નથી. બંને પોતપોતાના કાર્યને કરે છે. 'વોરા બ્રધર્સ', 'કોઠારી બ્રધર્સ' એવા એક નામથી બધાં ભાઈઓ ભેગા મળીને એક કાર્યને કરે છે એમ નથી. પવનથી દીવો બૂઝાય છે એમ નથી. દીવો અને પવન બે મળીને બૂઝાવાના કાર્યને કરે એમ બની શકતું નથી. દીવો સ્વયં બૂઝાય છે. પવન તો પવનનું કાર્ય કરે છે.

આ બધી 'એક પરિણામના કર્તા બે દ્રવ્ય ન હોય' એ સિદ્ધાંતની વાત થઈ. હવે કહે છે કે, 'બે દ્રવ્યના પરિણામને એક દ્રવ્ય કરતું નથી.' નિમિત્ત નિમિત્તનું કાર્ય કરે છે અને ઉપાદાન ઉપાદાનનું કાર્ય કરે છે. પાણીને અગ્નિ ગરમ કરી શકતી નથી. અગ્નિ તો અગ્નિરૂપે પરિણમવાનું કાર્ય કરે છે. પાણી પોતે પોતાની ઉષ્ણ પર્યાયને કરે છે. કારણ કે અગ્નિ અને પાણી બંને ભિન્ન ભિન્ન દ્રવ્ય છે. બંનેની સત્તા જુદી છે તેથી એક સત્તા બે કાર્યને કરી ન શકે. આ વાત સમજીને બેસાડયા વિના ભવનો અંત આવે તેમ નથી. કેમ કે વસ્તુની મર્યાદા જ એવી છે માટે પરાણે બેસાડવાની વાત નથી. સમજીને શ્રદ્ધામાં બેસવું જોઈએ.

પાણી પોતે પોતાની ઠંડી અવસ્થા પલટીને ગરમ અવસ્થા ધારણ કરે છે. બીજું દ્રવ્ય તે પર્યાયને ધારતું નથી. જે દ્રવ્ય પરિણમે છે તે જ તેનું કર્તા છે. બે દ્રવ્ય એક પરિણામને ધારી શકે જ નહિ અને બે પરિણામને એક દ્રવ્ય ધારી ન શકે. પણ આ વાત જ અત્યારે કયાંય રહી નથી. બીજાનું ભલુ કરો, શરીરની ક્રિયા કરો તો તમારું ભલું થાય એવી જ વાતો બધે ચાલે છે. પણ વિચાર તો કરો કે તત્ત્વો અનંત છે તો બે તત્ત્વો મળીને એક ક્રિયા કરશે તો અનંત તત્ત્વો જુદાં કેવી રીતે રહેશે! બે પર્યાયને એક દ્રવ્ય કરે એમ બની જ ન શકે. અગ્નિ પોતાની પર્યાયને કરે અને પાણીની ગરમ પર્યાયને પણ કરે એમ બની જ ન શકે. અગ્નિ પોતાની પર્યાયને કરે છે અને પાણી પાણીની ગરમ પર્યાયને કરે છે.

જેની સત્તા ભિન્ન છે તેના પરિણામને બીજી સત્તા કરે એમ ત્રણકાળમાં બની જ ન શકે. જગતનો કર્તા ઇશ્વર તો નથી જ પણ એક તત્વ પણ બીજા તત્વની પર્યાયને કરી શકતું નથી એવી વસ્તુની મર્યાદા છે. છતાં જે બીજા દ્રવ્યનો કર્તા પોતાને માને છે તે આખા જગતનો કર્તા થવા જાય છે. જેમ અનીતિથી એક પાઈ પણ લેવા જે તૈયાર છે તે અનુકૂળ યોગ હશે તો એ રીતે આખા જગતની સંપત્તિ લેવા તૈયાર થઈ જશે. આખી દુનિયાનું રાજ લેવાની મમતા તેનામાં પડી છે. તેમ અહીં કહે છે એક દ્રવ્યનો કર્તા બીજા દ્રવ્યને માને છે તે અજ્ઞાની આખી દુનિયાની પર્યાયનો કર્તા પોતાને માને છે. દરેકની સત્તા જ જુદી છે તો એકના કાર્યને બીજાની સત્તા કેમ કરી શકે? બીજાની સત્તાનો અભાવ હોય તો આ સત્તામાં ભળીને તેનું કાર્ય કરે પણ સત્તાનો અભાવ કદી થતો જ નથી.

જૈનપ્રકાશમાં હજરતઅલીની વાત આવી હતી કે તે એવા ન્યાય-નીતિવાળા હતાં કે રાજ્યના કામમાં રાજની મીણબત્તી બાળે પણ જો કાંઈ ઘરનું કામ કરે તો રાજની મીણબત્તી ઠારીને ઘરની મીણબત્તી કરે. એટલા બધાં એ પ્રમાણિક હતાં એટલે લોકોમાં પંકાઈ ગયાં. જ્યાં લૌકિકમાં આવી ન્યાય-નીતિ હોય છે તો આ અલૌકિક માર્ગમાં આવનારાને એવી ન્યાય-નીતિ તો પહેલાં જ હોય તો જ આ ધર્મ સમજાય. લૌકિક ન્યાય-નીતિના ઠેકાણાં ન હોય તેને આ ધર્મ ત્રણકાળમાં સમજાય નહિ કેમકે, આ તો લોકોત્તર નીતિ છે તેમાં આવનારાને લૌકિક નીતિ તો હોવી જ જોઈએ.

**एक करतूति दोइ दर्व कबहूँ न करै ।** જડનું કે ચેતનનું એક કર્તવ્ય બે દ્રવ્ય મળીને કદી કરી ન શકે. તો પ્રશ્ન થાય કે એક મોટી વસ્તુ એક વ્યક્તિથી ઉપડતી ન હોય પણ દશ માણસ ભેગાં થઈને વસ્તુ ઉપાડે તો ઉપડે છે તો દશે મળીને એક કાર્ય કર્યું ન કહેવાય?—ના. કેમકે દશમાંથી દરેકને એકલાથી તો એ કાર્ય થઈ શકયું જ નથી અને દશ વ્યક્તિ ભેગી થઈ એટલે કાંઈ એક તો થઈ ગયા નથી માટે કોઈથી એ કાર્ય થયું નથી. ત્રણકાળમાં એક કર્તવ્યના કર્તા બે દ્રવ્ય હોય એમ બની શકે જ નહિ.

બાળકને મોટું કરવાનું કામ તો મા-બાપે કર્યું કે નહિ? ના, મા-બાપે રાગનું કાર્ય કર્યું છે પણ બાળક મોટું થવાનું કાર્ય મા-બાપ કરી શકતાં નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. કોઈ કોઈનું કાર્ય કરી શકતું નથી. દરેક જીવ પોતે પોતાના પરિણામને કરે છે. કોઈ કોઈનો પિતા કે પુત્ર નથી. કોઈના પરિણામથી કોઈને લાભ કે નુકશાન થતું નથી. દરેક પદાર્થ પોતાનું અસ્તિત્વ ધરાવે છે અને પોતાનું કાર્ય કરે છે. કોઈ એકનું અસ્તિત્વ નાશ થાય તો તેના કાર્યને બીજો કરે પણ કોઈના અસ્તિત્વનો નાશ ત્રણકાળમાં કદી થતો નથી.

આ આંગળી હલે છે તે આંગળીના પરમાણુનું કાર્ય છે. જીવની ઇચ્છાનું એ કાર્ય નથી. જીવ ઇચ્છાનું કાર્ય કરે છે પણ આંગળી હલાવવાનું કાર્ય જીવ કરી શકતો નથી.

આ જગતથી ઊલટી જ વાત છે. જગત ઊંધું છે. આમાં કરવું શું ?—કે કરવા યોગ્ય છે તે કરવું. આત્માનું જ્ઞાન, દર્શન અને આનંદ કરવાયોગ્ય છે તે કરવાં.

**दोइ करतूति एक द्रव्य न करतु है** । એક દ્રવ્ય બે દ્રવ્યનું કાર્ય કદી કરતું નથી. દ્રવ્ય પોતાનું કામ કરે અને પરનું કાર્ય પણ કરે એમ ત્રણકાળમાં બનતું નથી.

શ્રોતા :—આત્મા વિકાર કરે અને કર્મ પણ બાંધે છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આત્મા વિકારના કાર્યને કરે છે પણ કર્મ બાંધવાનું કામ આત્માનું નથી. કર્મ સ્વયં કર્મના પરમાણુથી બંધાય છે. અને જ્યારે આત્મા પોતાના આશ્રયે સંવર, નિર્જરા અને ધર્મનું કાર્ય કરે ત્યારે કર્મ સ્વયં નાશ પામે છે.—કર્મ અકર્મરૂપ થઈ જાય છે, તેને જીવ કરતો નથી. કર્મ ખસ્યા માટે ધર્મ થયો એમ પણ નથી. કર્મનું કાર્ય કર્મમાં થાય છે અને આત્માનું કાર્ય આત્મામાં થાય છે. બે કાર્યને એક દ્રવ્ય કરતું નથી. અથવા એક કાર્યને બે દ્રવ્ય મળીને કરતા નથી.

અજ્ઞાની રાગનો કર્તા થઈને ખાવાની ઇચ્છા કરે પણ ખાવાની ક્રિયાને અજ્ઞાની કરી શકતો નથી. દરજી કપડાંને સીવી શકતો નથી. કડિયો મકાન બનાવી શકતો નથી. સુતાર બારી-બારણાં બનાવી શકતો નથી એમ દરેકમાં સમજી લેવું.

શ્રોતા :—આપે તો આ નવો પંથ કાઢ્યો છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ નવો પંથ નથી. આ તો અનાદિનો માર્ગ છે. વીતરાગ સર્વજ્ઞદેવે બતાવેલો આ સનાતન માર્ગ છે. તેની ન્યાયથી તુલના કરી જુઓને ! એક તત્ત્વ બીજા તત્ત્વને કરે તો બે તત્ત્વ ભિન્ન રહી શકતા નથી. પણ કોઈ તત્ત્વ પોતાની સત્તા છોડીને બીજી સત્તામાં જતું જ નથી. આ બોલવાની ક્રિયા થાય છે તેને આત્મા પણ કરે અને જડ પણ કરે એમ બનતું નથી. બોલવાની ક્રિયા ભાષાવર્ગણા કરે છે, જીવ કરતો નથી.

કોઈ વળી એમ કહે છે કે આપણે જીવોને બચાવવા કે મારવા નહિ—એવું કાંઈ ન કરવું પણ જીવોને ઉપદેશ આપવો કે 'કોઈ પ્રાણીને દુઃખ ન દેવું' એમ ઉપદેશ આપવાથી આપણને ધર્મનો લાભ થાય. એ એમ વિચારતો નથી કે બોલવાની ક્રિયા તો જડની છે અને ઉપદેશનો વિકલ્પ ઉઠ્યો એ તો રાગ છે, રાગથી ધર્મની ક્રિયા

કેમ થાય! રાગથી ધર્મ માને એ તો મૂઢ છે. વીતરાગના માર્ગને જગત સાથે મેળવીશ નહિ ભાઈ!

જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ છે એ તરફ દૃષ્ટિને વાળ અને ત્યાં થંભી જા તો તારું કાર્ય સફળ થઈ જશે. બીજાને ઉપદેશ દઈને ધર્મ પમાડવા જઈશ તેમાં કાંઈ ધૂળેય સફળતા નહિ મળે. આજસુધીમાં કોઈએ કોઈને તાર્યા નથી. તો ભગવાનને તરણતારણ કહ્યા છે તેનું શું?—એ તો નિમિત્તથી કથન છે. જે કોઈ તર્યા છે તે પોતાની લાયકાતથી તર્યા છે તેમાં ભગવાનને નિમિત્ત કહેવામાં આવે છે. જો ભગવાન જ તારી દેતાં હોય તો તો બધાંને ભગવાન સિદ્ધ બનાવી દે...તો સંસાર રહેત જ નહિ. પણ સંસાર તો અનાદિનો છે તેનો કદી નાશ થતો નથી.

જીવ અને પુદ્ગલ એક ક્ષેત્રમાં રહેલા છે પણ કોઈ પોતે પોતાના સ્વભાવને છોડતાં નથી. પોતાની સત્તાને કોઈ દ્રવ્ય છોડતું નથી. સારું સારું ખાય તો શરીર સારું રહે એમ બનતું નથી. આત્મા ખાવાની ક્રિયાને કરતો જ નથી. અજ્ઞાનદશામાં આત્મા બહુ તો રાગ કરે પણ ખાવાની ક્રિયાને તે કરી શકતો નથી.

આ તો સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગનો મારગ છે ભાઈ! જેણે ત્રણકાળ ત્રણલોકમાં રહેલાં પદાર્થોની ભિન્ન ભિન્ન સત્તાને જાણી છે. તે દરેક પદાર્થના દ્રવ્ય, ગુણ, પર્યાયનું હોવાપણું તેની પોતાની સત્તાથી છે. પરને કારણે તેના દ્રવ્ય, ગુણ, પર્યાયની હયાતિ નથી. માટે મારાથી આ બીજાના કામ થાય છે એવા અભિમાન કરવા રહેવા દેજે ભાઈ! સાધુ નામ ધરાવીને પણ ઘણાં એવા મિથ્યામાન સેવતા હોય છે કે અમારી પાસે પૈસા નથી પણ અમે લોકો પાસે ઉપદેશ આપીને દાનમાં પૈસા ખંખેરાવીએ છીએ, લોકો પાંચ-પાંચ દશ-દશ લાખ દાનમાં આપી દે છે. બહેનોને ઉપદેશ આપીએ કે શું તમારે પૈસા દેવાનો અધિકાર નથી! અરે! ઘરમાં કામવાળી રાખો તેને પણ કેટલા પગાર આપે છે તો તમે તો આ ઘરમાં ૫૦-૫૦ વર્ષથી કામ કરો છો તો તમારે કેટલાં પૈસા ભેગા થાય? બહેનો પાસે પૈસા ન હોય તો દાગીના દાનમાં આપી દ્યો... એમ જુદી જુદી રીતે ઉપદેશ દઈને અમે દાન કરાવીએ છીએ—એવા અભિમાન કરે છે તેને ખબર નથી કે વાણીનું કાર્ય મારું નથી અને પૈસા ભેગા કરવાનું કાર્ય પણ મારું નથી. મફતના મિથ્યાત્વને સેવે છે.

અહીં તો કહે છે કે આત્મા પરનું કાર્ય તો કરતો નથી પણ રાગનો કર્તા થાય છે તે પણ મૂઢ છે. આત્માને વિકારી માનનારો અજ્ઞાની અવિકારી સ્વભાવનો અનાદર કરનારો છે.

આ તો જેને આત્માનું હિત કરવું હોય તેને માટે વાત છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. ભગવાને કહ્યું માટે છે એમ નથી. ભગવાને તો જેવું છે તેવું જોયું છે—જાણ્યું છે અને એવું કહ્યું છે.

ઘણાં શેઠિયા એમ કહે કે અમે કાંઈ ધંધા માટે આ બધું કરતાં નથી. અમે તો ૮-૧૦ હજાર માણસોને નભાવવા માટે આ કારખાના આદિ ચલાવીએ છીએ. તેને ખબર નથી કે કારખાના તો શું પણ એક વિકલ્પ તારામાં ઊઠે તેનો કર્તા થવા જઈશ તો પણ નિર્વિકલ્પ તત્ત્વ ભૂલાય છે તો આમાં તારું હિત શું થશે? તારા વિકલ્પથી બીજાને પૈસા મળવાના અને નભવાના કામ થાય એ વાત હરામ છે—તદ્દન જૂઠી છે. સતના સ્વરૂપની તને ખબર નથી ભાઈ!

તો પોષા ને પ્રતિક્રમણાદિ કરવાથી તો મને લાભ થાય ને! એમ માનવું પણ જૂઠું છે. રાગની મંદતા થશે એટલું પુણ્ય બંધાશે પણ ધર્મ નહિ થાય. સાધુ લોકો જાય ત્યારે લોકો પાસે અમુક પચખાણનું ભાતું નખાવે; પણ સામા જીવની રાગની મંદતાથી તને લાભ થવાનો છે! એક રાગની ક્રિયાના કર્તા બે દ્રવ્ય ન હોય.

આવો માર્ગ વીતરાગનો, ભાખ્યો શ્રી ભગવાન,
સમવસરણની મધ્યમાં, શ્રી સીમંધર ભગવાન.

શ્રી સીમંધર ત્રિલોકનાથ પરમાત્માએ સમવસરણમાં આ ફરમાવ્યું છે કે એક દ્રવ્ય બે દ્રવ્યના કાર્યને કરે નહિ અને બે દ્રવ્ય મળીને એકના કાર્યને કરે નહિ આમ છે બાપા! તને આ બેસે કે ન બેસે તેને માટે તું સ્વતંત્ર છો.

કર્મ જીવને ચારગતિમાં રખડાવતું નથી. જીવ પોતે પોતાની ભૂલથી ચારગતિમાં ભ્રમણ કરે છે અને પોતે જ ભૂલ ટાળીને ભગવાન થઈ શકે છે. જ્ઞાનાનંદી ભગવાન આત્મા અજ્ઞાનપણે રાગને આચરે અને જ્ઞાનપણે આનંદને આચરે. એવો જ એનો સ્વભાવ છે. **चिदानन्द चेतन सुभाउ आचरतु है।** આવો એનો અનાદિ-અનંત સ્વભાવ છે.

વીતરાગનો કહેલો આ એક જ માર્ગ સત્ય છે, બીજો કોઈ માર્ગ સત્ય નથી.

[ ક્રમશઃ ]

# 卐 નિશ્ચય-વ્યવહારનું વાસ્તવિક સ્વરૂપ 卐

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૬૨ )

આત્મા જ સંયમ છે, આત્મા જ તપ છે અને આત્મા જ શીલ છે આ ત્રણ બોલ આવી ગયા છે. હવે આત્મા જ દર્શન છે અને આત્મા જ જ્ઞાન છે એ બે બોલ લેવાના છે.

આત્મા જ નિજસ્વરૂપની રુચિરૂપ નિશ્ચય સમ્યગ્દર્શન છે. આગળ ત્રણ બોલમાં નિશ્ચય અને વ્યવહાર પણ આવી ગયો છે તેથી અહીં વ્યવહાર નહિ કહેતાં માત્ર નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાનની જ વાત લીધી છે. અંતરમાં જ્ઞાન, દર્શન, આનંદરૂપે પરિણત થયેલો આત્મા જ સંયમ છે અને બાહ્યમાં વ્રત, તપ આદિ દ્વારા પાંચ ઇન્દ્રિયનો સંયમ હોય છે તે વ્યવહારસંયમ છે. નિશ્ચય અને વ્યવહાર બંને સંયમ સાથે જ હોય છે પણ વ્યવહારને સાધન અને નિશ્ચયને સાધ્ય કહેવામાં આવ્યું છે.

આત્મા શુદ્ધ અખંડ જ્ઞાનાનંદસ્વરૂપ નિર્વિકલ્પ વસ્તુ છે તેની અંદરમાં રુચિ થવી તે નિશ્ચય સમકિત છે. તેની સાથેનો વ્યવહાર અહીં કહ્યો નથી પણ ૯૪મી ગાથામાં કહેશે. અનંતગુણનો પિંડ ચૈતન્યમૂર્તિ આત્મા જેવો છે તેવી તેની નિર્વિકલ્પ અનુભૂતિ થઈને જે પ્રતીતિ થાય તેને નિશ્ચય સમ્યક્ દર્શન કહેવામાં આવે છે. નિશ્ચય એટલે સત્ય અને વ્યવહાર એટલે ઉપચાર અથવા આરોપિત અર્થાત્ જે નિશ્ચય સાથેનું બહિરંગ નિમિત્તકારણ હોય તેને વ્યવહાર કહેવાય છે.

શુદ્ધ ચૈતન્ય આત્માની પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે, એ જ સર્વથા ઉપાદેયરૂપ છે. પ્રતીતિ એ આત્મા છે અને સાથે જે વિકલ્પ, રાગાદિ હોય છે તે આત્મા નથી, અનાત્મા છે. વ્યવહારને નિશ્ચયનું સાધન અથવા હેતુ શબ્દથી સમજાવશે પણ મૂળ તો નિશ્ચયની સાથે તેને અનુરૂપ વ્યવહાર હોય છે એ બતાવવું છે. આત્માની શોભા પોતાના અતીન્દ્રિય આનંદની પ્રગટદશાથી છે. આત્મામાં પ્રતપન એ જ તપ છે. તપથી આત્મા શોભે છે.

હવે જ્ઞાન કોને કહે છે?—કે વીતરાગ સ્વસંવેદનજ્ઞાનના અનુભવથી આત્મા જ જ્ઞાન છે. રાગ રહિત પ્રત્યક્ષ નિર્દોષ આત્માનું સંવેદન તે જ્ઞાન છે. રાગરહિત કહેતાં

દ્વેષથી પણ રહિત એટલે કે આત્મા કષાયથી રહિત છે એ બધું એમાં આવી જાય છે. એવા નિર્દોષ આત્માનું પ્રત્યક્ષ વેદન થવું તે 'જ્ઞાન' છે. શાસ્ત્રનું જ્ઞાન તે આત્મા નથી. આત્મા પોતે અંતરની સ્વસંવેદન પર્યાયપણે થાય તે આત્મા જ જ્ઞાન છે. જીવની પર્યાયને જ અહીં જીવ કહ્યો છે. શાસ્ત્રનું ભણતર કે નવ તત્ત્વાદિના વિકલ્પ ઊઠે છે તે આત્મા નથી પણ તે બહિરંગ નિમિત્ત છે. તેથી તેને સાધક પણ કહેવાય છે અને નિશ્ચયનું સહકારીકારણ પણ કહેવાય છે.

હવે મોક્ષમાર્ગ શું છે તે કહે છે—મિથ્યાત્વ રાગાદિ સમસ્ત વિકલ્પજાળને છોડીને પરમાત્મતત્ત્વમાં પરમસમરસીભાવના પરિણમનથી આત્મા જ મોક્ષમાર્ગ છે.

આ બે ગાથામાં બધી જ સ્પષ્ટતા છે. નિશ્ચયની સાથેના વિકલ્પને અને શાસ્ત્ર-જ્ઞાનાદિના વ્યવહારને 'સાધક' કહ્યો છે, તેને જ બહિરંગકારણ કહ્યાં છે, તેને જ પરંપરા મોક્ષના કારણ કહ્યાં છે અને તેને જ હવેની ગાથામાં 'હેતુ' કહેશે.

આત્મા જ 'મોક્ષમાર્ગ' છે એમ કહીને એ કહેવું છે કે વચ્ચે જે વ્યવહાર-રત્નત્રયના વિકલ્પ આવે છે તે આત્મા નથી. અંતરંગમાં શુદ્ધાત્મા—ચૈતન્ય ભગવાન આત્માનો અનુભવ તે જ્ઞાન છે. તે જ્ઞાનપૂર્વક ભાવસંયમ, ભાવતપ અને ભાવશીલના પરિણમનથી જે ઉપાદેયસુખ—અતીન્દ્રિયસુખ પ્રગટ થાય છે તે આત્મા જ છે. આત્માનો સાધક પણ આત્મા જ છે માટે આત્મા જ ઉપાદેય છે. અતીન્દ્રિય આત્માના સાધકપણે આત્મા જ ઉપાદેય છે. બીજો વિકલ્પ આદિ આવે છે તે જાણવાલાયક છે પણ તે ઉપાદેય નથી.

આ ૯૩મી ગાથામાં દર્શન, જ્ઞાન, તપ, સંયમ, શીલ અને મોક્ષમાર્ગ આ છ બોલ થયાં. હવે આગળ ૯૪મી ગાથામાં નિજ શુદ્ધાત્મા સિવાય દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ બીજું કાંઈ નથી એમ કહીને વધારે સ્પષ્ટતા કરે છે.

अण्णु जि दंसणु अत्थि ण वि अण्णु जि अत्थि ण णाणु ।
अण्णु जि चरणु ण अत्थि जिय मेल्लिवि अप्पा जाणु ॥ ९४ ॥

નિજ શુદ્ધાત્માને છોડીને નિશ્ચયનયથી બીજું કોઈ દર્શન, જ્ઞાન, ચારિત્ર નથી એમ અભિપ્રાય મનમાં રાખીને ગાથા કહી છે. હે જીવ! આત્માને છોડીને બીજું કાંઈ પણ દર્શન નથી, બીજું કાંઈ જ્ઞાન નથી અને બીજું કાંઈ ચારિત્ર નથી એમ તું જાણ અર્થાત્ આત્મા જ દર્શન, જ્ઞાન, ચારિત્ર છે એવું સંદેહરહિત જાણ.

ગુરુ શિષ્યને કહે છે કે હે ભવ્ય! તારા આત્માની પ્રતીતિ તે આત્મા છે, તારા

આત્માનું સ્વસંવેદન-અનુભવજ્ઞાન તે આત્મા છે અને શુદ્ધ ચિદાનંદમાં રમણતા તે આત્મા છે. આત્માને છોડીને અન્યમાં તારું દર્શન, જ્ઞાન, ચારિત્ર હોતું નથી. એમ તું નિઃસંદેહ જાણ.

ભાવાર્થ:—જોકે છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ, નવ પદાર્થનું શ્રદ્ધાન, કાર્ય-કારણભાવથી નિશ્ચયસમ્યક્ત્વનું કારણ હોવાથી વ્યવહારસમ્યક્ત્વ કહેવાય છે અર્થાત્ વ્યવહાર સાધક છે અને નિશ્ચય સાધ્ય છે તોપણ નિશ્ચયનયથી એક વીતરાગ પરમાનંદ સ્વભાવવાળો નિજ શુદ્ધાત્મા જ ઉપાદેય છે, એવા રુચિરૂપ પરિણામથી પરિણત થયેલો શુદ્ધાત્મા જ નિશ્ચય સમ્યક્ત્વ છે.

જુઓ ! અહીં નિશ્ચય-વ્યવહારને કાર્ય-કારણ કહ્યાં, સાધ્ય-સાધન પણ કહ્યાં, વ્યવહારને નિશ્ચયનું પરંપરાકારણ પણ કહેવાય અને આગળ હેતુ કહેશે. તે દરેકમાં શબ્દો ફેરવીને કહે છે પણ ભાવ એક જ છે કે છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ, નવપદાર્થ આદિનું શ્રદ્ધાન તે નિમિત્તકારણ છે અને નિશ્ચયસમકિત તે ઉપાદાનકાર્ય છે તેથી તે નિશ્ચયસમકિતનું કારણ હોવાથી તેને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. વ્યવહાર આવે છે, વ્યવહાર સાધક છે અને નિશ્ચય સાધ્ય છે.

ભગવાન આત્માને પોતાના શુદ્ધ અનુભવમાં જે નિશ્ચયપ્રતીતિ થઈ તે આત્મા છે તેની સાથે વિકલ્પમાં છ દ્રવ્ય, સાત તત્ત્વ, પાંચ અસ્તિકાય આદિની શ્રદ્ધાનો વિકલ્પ છે તેને નિશ્ચયશ્રદ્ધાનું નિમિત્તકારણ અથવા સાધન ગણવામાં આવે છે. વ્યવહારને નિશ્ચયનો હેતુ કહો, સાધન કહો, કારણ કહો કે અનાત્મા એવો વિકલ્પ કહો બધું એક જ છે.

વસ્તુ તરીકે—દ્રવ્ય તરીકે તો જેવો સર્વજ્ઞનો આત્મા છે તેવો જ આ આત્મા છે. રાગનું અવલંબન છોડીને સ્વભાવના અવલંબનથી જે નિશ્ચય સમ્યક્ સ્વાશ્રય થાય તેને આત્માની નિશ્ચય પ્રતીતિ કહેવાય છે. તેની સાથે સાતતત્ત્વની શ્રદ્ધા થાય છે તેને વ્યવહારશ્રદ્ધા કહેવાય છે. તે નિશ્ચયશ્રદ્ધાનું કારણ છે, હેતુ છે, બહિરંગ સાધન છે અથવા પરંપરા કારણ છે અથવા સહકારીકારણ છે એમ પણ કહેવાય છે. આમ વ્યવહારને જુદાં જુદાં શબ્દોથી સમજાવીને સ્પષ્ટ કર્યો છે કે તે મૂળ આત્મા નથી. ગાથામાં તો આત્મા જ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે તે સિવાય બીજું કાંઈ દર્શન, જ્ઞાન, ચારિત્ર નથી એટલું જ કહ્યું છે પણ ટીકાકારે તેમાંથી વ્યવહાર કાઢીને વધુ સ્પષ્ટ કર્યું છે. કોઈને એવી રીતે સમજાવવાનો વિકલ્પ હોય તો એમ પણ સમજાવે છે. પંચાસ્તિકાયની ૧૭૨ ગાથામાં પણ આચાર્યદેવે એવો વિશેષ અર્થ કાઢયો છે.

નિશ્ચયે આત્માનું સ્વરૂપ જ પરમાત્મસ્વરૂપ છે. તેની અંતર્મુખ થઈને આત્માના અમૃતના વેદન સાથે પ્રતીતિ થવી તેને નિશ્ચયસમ્યગ્દર્શન કહે છે. તે આત્મા જ છે. આત્માથી અન્ય બીજું કાંઈ નથી. એ વાત પ્રથમ કહીને પછી વ્યવહારથી વ્યવહાર છે તેની વાત કરી છે કે નિશ્ચય-સમકિતની સાથે તેના કારણરૂપ એવી વ્યવહારશ્રદ્ધા હોય છે તે શું ?—કે પાંચ અસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્ત્વ આદિ જેમ છે તેમ શ્રદ્ધામાં લેવાં તે વ્યવહાર-સમકિત છે. આ વ્યવહાર-સમકિત તે નિશ્ચય-સમકિતનું સાધન છે, કારણ છે, નિમિત્ત છે અથવા બહિરંગ સહકારીકારણ છે. પણ તેનો અર્થ એવો નથી કે વ્યવહાર પહેલાં હોય અને પછી નિશ્ચય થાય. વ્યવહાર અને નિશ્ચય બંને સાથે જ હોય છે. એમ તેનો અર્થ બરાબર સમજવો જોઈએ.

ભાઈ! તારું સમ્યગ્દર્શન તો તારામાં છે—તું જ છો, કાંઈ બીજું નથી. તે તારી વીતરાગી પર્યાય છે માટે તેને અમે આત્મા કહીએ છીએ. તારું સમ્યક્ત્વ તારામાં જ હોય, બીજે ક્યાંય ન હોય. એમ ગાથામાં કહીને ટીકામાં કહ્યું કે તારી વીતરાગી સમકિત પર્યાયની સાથે જે સાત તત્ત્વની શ્રદ્ધાનો રાગ છે તે વ્યવહાર સમકિત છે. માટે તે નિશ્ચયની સાથે રહેલું બહિરંગકારણ અથવા હેતુ છે. એમ કહીને તે વિકલ્પ છે માટે આત્મા નથી એ ભાવ પણ તેમાંથી નીકળે છે. વ્યવહાર તે નિશ્ચયનું નિમિત્ત કારણ છે, ઉપાદાનકારણ નથી એમ કહેવાનો આશય છે. નિશ્ચયસાધ્યની સાથે જ તેનું વ્યવહારસાધન હોય છે એમ સમજવું.

વ્યવહાર સાધક છે અને નિશ્ચય સાધ્ય છે તોપણ નિશ્ચયનયથી એક વીતરાગ પરમાનંદસ્વભાવવાળો શુદ્ધાત્મા જ ઉપાદેય છે એવા રુચિરૂપ પરિણામથી પરિણત થયેલો શુદ્ધાત્મા જ નિશ્ચય સમકિત છે. નિશ્ચય સમકિત વિના વ્યવહાર હોતો પણ નથી કેમકે નિશ્ચય પ્રગટ થયા વિના વ્યવહારનો આરોપ કોના ઉપર થઈ શકે! પરમાર્થ સ્વભાવના ભાન વગર તો ધર્મની શરૂઆત જ થતી નથી.

હવે કહે છે કે જોકે નિશ્ચયસ્વસંવેદન જ્ઞાનનું સાધક હોવાથી શાસ્ત્રનું જ્ઞાન પણ જ્ઞાન જ છે તોપણ નિશ્ચયનયથી વીતરાગસ્વસંવેદનજ્ઞાનરૂપ પરિણત થયેલો શુદ્ધાત્મા જ નિશ્ચયજ્ઞાન છે. જુઓ! અહીં ધ્યાન રાખજો. વ્યવહારથી શાસ્ત્રનું જ્ઞાન નિશ્ચયજ્ઞાનનું સાધક અથવા હેતુ અથવા બહિરંગકારણ હોવાથી તેને પણ જ્ઞાન જ કહેવાય છે. શાસ્ત્રનું ઉઘાડજ્ઞાન જે વિકલ્પાત્મક છે તેને નિશ્ચયનું બહિરંગ સાધન, હેતુ ગણીને નિમિત્તકારણ તરીકે કહ્યું છે પણ નિશ્ચયથી તો જ્ઞાનસૂર્ય પ્રભુ વીતરાગ સ્વસંવેદનજ્ઞાનપણે પરિણમે તે જ્ઞાનને જ જ્ઞાન કહેવામાં આવે છે. આ જ્ઞાન તે જ આત્મા છે. શાસ્ત્રજ્ઞાન તો અનાત્મા છે.

શ્રોતા :—સાહેબ ! શાસ્ત્રજ્ઞાનને અનાત્મા કેમ કહ્યું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—શાસ્ત્રજ્ઞાન અનાત્મા છે કારણ કે આત્માના જ્ઞાનથી તેની જાત વિરુદ્ધ છે. જ્ઞાનથી જ્ઞાનને વેદે, વીતરાગ સ્વસંવેદન પ્રગટ કરે તે આત્મા છે તે જ સાધ્ય છે, તે સાધ્ય પ્રાપ્ત કરવામાં શાસ્ત્રજ્ઞાન નિમિત્ત છે, હેતુ છે, બહિરંગકારણ છે પણ આત્માની જાતનું નહિ હોવાથી તે અનાત્મા છે.

મુમુક્ષુ :—દાખલો આપીને સમજાવો તો ખ્યાલ આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—આમાં દાખલાની ક્યાં જરૂર છે ! છતાં લ્યો દાખલો લઈએ. સોનાનો તોલ થાય છે ત્યારે લાખ તેની સાથે જ હોય છે એટલે લાખનો તોલ પણ સોનાની સાથે આવી જાય છે પણ લાખ છે તે સોનુ નથી. પાણીમાં નાંખીને તોલ કરો તો એકલા સોનાનો સાચો તોલ થાય છે. બાકી બહારમાં તો લાખ સહિત જ સોનાનો તોલ થાય છે તેમ આ ચિદાનંદ ભગવાન આત્માનું નિર્વિકલ્પ સ્વસંવેદન-જ્ઞાન તે જ સાચું જ્ઞાન છે તે સોનાના સ્થાને છે. શાસ્ત્રનું જ્ઞાન તો લાખ સમાન છે. છદ્રવ્ય, નવપદાર્થ આદિનો વિકલ્પ ઊઠે છે તે લાખ સમાન છે. તેને પ્રમાણજ્ઞાનમાં નિમિત્ત તરીકે કહ્યું છે પણ નિશ્ચયમાં તે કોઈ વસ્તુ નથી. તે આત્મા નથી માટે તેને અનાત્મા કહ્યું છે.

આ તો ધર્મના નામે બહુ ગડબડ ચાલે છે તેથી આટલું સ્પષ્ટીકરણ કરવું પડે છે.

નિશ્ચય નામ સત્યદૃષ્ટિથી જોઈએ તો સત્ય ત્રિકાળ જ્ઞાનમૂર્તિ આત્માનું જ્ઞાન થાય તેને જ સત્યજ્ઞાન, આત્મજ્ઞાન અર્થાત્ નિશ્ચયજ્ઞાન કહેવાય છે. તેની સાથેના શાસ્ત્રજ્ઞાનને નિમિત્ત ગણીને, હેતુ ગણીને, સાધન ગણીને નિશ્ચયનું સાધક કહેવાય છે પણ તે અનાત્મા છે. વ્યવહાર જેને આત્મા કહે છે તેને નિશ્ચય આત્મા તરીકે સ્વીકારતો નથી.

૯૩મી ગાથામાં જ્ઞાનદર્શનમાં વ્યવહાર બતાવ્યો ન હતો તે અહીં ૯૪માં કહી દીધો. બંનેમાં વાત તો એક જ કહેવી છે. નિર્વિકલ્પ નિજાનંદમૂર્તિ તે આત્મા છે. વિકલ્પો ઊઠે છે તે તો આસ્રવતત્ત્વ છે, આત્મતત્ત્વ નથી. વ્યવહાર-સમકિત તે રાગ હોવાથી આસ્રવતત્ત્વ છે.

ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનાનંદના તેજથી ભરેલો સૂર્ય છે. આત્મા અરૂપી છે તેથી દેખાતો નથી પણ તે એક વસ્તુ છે. તેમાં અનંત ગુણરૂપી રત્નો રહેલાં છે માટે તે ચૈતન્ય રત્નાકર છે. શરીરને અજ્ઞાની એક વસ્તુ તરીકે માને છે પણ તે તો અનંત પરમાણુદ્રવ્યોનો બનેલો સ્કંધ છે અને આ તો અસંખ્યાતપ્રદેશી ચૈતન્ય એક વસ્તુ છે.

આહાહા ! આત્મા અનંત જ્ઞાન, દર્શન આદિ ગુણોથી ભરેલો રત્નાકર છે. આવા આત્માની અંતરમુખ થઈને વીતરાગી શ્રદ્ધાની પરિણતી થવી તેને નિશ્ચયસમકિત કહેવાય છે. તે આત્મા જ છે અને વ્યવહારશ્રદ્ધાને નિશ્ચયને અનુકૂળ ગણીને સાધક કહી છે પણ તે આત્મા નથી, આસ્રવ છે, પરંતુ નિશ્ચયને અનુકૂળ હોવાથી સાધન કહેવાય છે.

૯૩મી ગાથામાં સંયમ, શીલ અને તપની નિશ્ચય-વ્યવહારથી વ્યાખ્યા હતી પણ દર્શન, જ્ઞાનની વ્યવહારની વ્યાખ્યા ન હતી તે આ ૯૪મી ગાથામાં આવી ગઈ. ૯૩માં કહ્યું કે ભગવાન આત્મા પોતાના શુદ્ધ આનંદના પરિણમનમાં પરિણમ્યો તે નિશ્ચયસંયમ છે—તે આત્મા છે. તેથી સાથે વિકલ્પમાં પાંચ ઇન્દ્રિય અને મનનો સંયમ તથા છકાયની રક્ષાનો ભાવ છે તેને નિશ્ચયસંયમને અનુકૂળ ગણીને—કારણ ગણીને વ્યવહારસંયમ કહ્યો છે. તેને સહકારીકારણ ગણ્યું છે પણ તે અનાત્મા છે. એ રીતે, અકષાયભાવે આત્માનું પરિણમવું તે નિશ્ચયશીલ છે તે આત્મા છે અને સાથે જે ક્રોધ, માન, માયા, લોભાદિના ત્યાગનો વિકલ્પ છે તે વ્યવહારશીલ છે તે આત્મા નથી પણ આસ્રવ છે. જો વ્યવહાર અને નિશ્ચય બંને એક જાત હોય તો બે નામ કેમ પડે ! બંને જુદી જુદી જાતના ભાવ છે માટે તેના નામ જુદા પડ્યા છે.

જેમ સોનુ ગેરૂથી શોભે છે તેમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના પ્રતપનથી શોભે છે તેને નિશ્ચયતપ કહેવાય છે અને બાર પ્રકારના તપને નિશ્ચયને અનુકૂળ ગણીને સાધન કહેવું તેનું નામ વ્યવહાર કહેવામાં આવે છે.

અત્યારે સમાજમાં ઘણી ગડબડ ચાલે છે. નિશ્ચય વગરના એકલા વ્યવહારને ચોથું, પાંચમુ ગુણસ્થાન માનવા લાગ્યા છે. પણ નિશ્ચય વગરનો વ્યવહાર તે વ્યવહાર પણ નથી. વ્યવહાર તે આત્મા નથી. શાસ્ત્રજ્ઞાનમાં અગિઆર અંગ ને નવ પૂર્વનો ઉઘાડ થાય તે પણ આત્મા નથી. પરાવલંબી જ્ઞાનને ધર્મી મોક્ષમાર્ગ કહેતા જ નથી. તેને પરમાર્થ જ્ઞાન કહેવાતું નથી, તે મોક્ષમાર્ગ નથી. નિશ્ચયની સાથે હોય તે વ્યવહારને બહિરંગ સાધન કહ્યું છે પણ તે આત્મા નથી, અનાત્મા છે. જો તે પણ આત્મા હોય તો તો નિશ્ચયમાં જ ભળી જાય પણ તે આત્મા નથી માટે જુદો કહેવાય છે. નિશ્ચય અને વ્યવહાર બંને નય વિરૂદ્ધ નય છે. નિશ્ચયથી વિરૂદ્ધ વ્યવહાર છે અને વ્યવહારથી વિરૂદ્ધ નિશ્ચય છે. વ્યવહારને નિશ્ચયનો સાધક, નિમિત્ત, બહિરંગહેતુ, કારણ આદિ કહ્યું છે. વસ્તુ તો જેમ છે તેમ છે. ઉપાદાનકારણના કાળે નિમિત્ત છે ખરું પણ તે આત્માનો ભાવ નથી. જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી વિકલ્પ હોય જ છે પણ તે આત્માની ચીજ નથી.

વ્યવહાર પણ ભગવાને કહ્યો છે તે પ્રમાણે હોય છે. આત્માના જ્ઞાનની સાથે વિકલ્પમાં છ દ્રવ્ય અને સાત તત્ત્વનું જ જ્ઞાન હોય. જગતમાં એક જ દ્રવ્ય છે એવું જૂઠું જ્ઞાન ન હોય. માટે બીજા વિકલ્પોથી જુદો પડીને તે જ વિકલ્પ નિમિત્ત થવા યોગ્ય હોવાથી તેને નિશ્ચયનો સાધક કહેવામાં આવ્યો છે.

જીવની શુદ્ધતા તો મહાન છે પણ અશુદ્ધતાની પણ બલિહારી છે. ઊંધો પડે તે પણ છે તો પરમાત્મા ને! એટલે ઊંધું જોર પણ એટલું જોરદાર કરે છે. અરે! વસ્તુના સ્વરૂપની મહિમાની ખબર નથી તેને અનુભવ તો દૂર રહ્યો પણ બધાંથી જુદા આત્માને તે લક્ષમાં પણ લઈ શકતો નથી. આત્મા દેહ, મન, વાણીથી જુદી કોઈ વસ્તુ છે એમ ખ્યાલમાં આવે તો જુદો પડવાનો પ્રયત્ન કરે. ભગવાન આત્મા દેહ, મન, વાણીથી પણ ભિન્ન જ્ઞાનદર્શનમય કોઈ મહાન વસ્તુ છે એમ ખ્યાલમાં આવે તો, દેહ, મન વાણીથી જુદો પડી, વસ્તુને લક્ષમાં લઈ અનુભવ કરી શકે. આઠ આઠ વર્ષના કુમારને સમકિત થાય ત્યારે આ પ્રમાણે થાય છે. આત્મા ક્યાં બાળક છે! આત્માના અનુભવની વિધિ તો દરેક જીવ માટે એક જ છે.

ભારે આ પરમાત્મપ્રકાશ! એના રૂપે બરાબર પ્રકાશ્યો છે!

નિશ્ચયથી એટલે સત્યસ્વરૂપ વસ્તુને સત્યરૂપે સમ્યક્પણે પરિણમાવી વીતરાગ સ્વસંવેદન કરવું તે આત્માનું નિશ્ચયજ્ઞાન છે. વીતરાગ સ્વસંવેદન પરિણામે પરિણમેલો આત્મા જ જ્ઞાન છે. એમ કહીને અહીં પર્યાયને જ આત્મા કહી દીધો છે. ત્રિકાળ અખંડાનંદ પ્રભુ આત્મા તો ત્રિકાળ છે તેની વાત જુદી છે. અહીં તો તેના સમ્યક્ જ્ઞાનના પરિણમનને જ સત્ય, નિશ્ચય, પરમાર્થ જ્ઞાન કહ્યું છે તે જ આત્મા છે. સાથે રહેલું 'શાસ્ત્રજ્ઞાન' સત્યની અપેક્ષાએ અસત્ય છે, વીતરાગની અપેક્ષાએ વિકલ્પ છે, સ્વાશ્રયની અપેક્ષાએ પરાશ્રય છે અને પરમાર્થની અપેક્ષાએ અપરમાર્થ છે. પણ તેને નિશ્ચયનું નિમિત્ત ગણીને સાધન...હેતુ...બહિરંગકારણ કહ્યું છે સમજાણું કાંઈ!

દર્શન-જ્ઞાનની વાત થઈ, હવે ચારિત્રની વાત કરે છે. આ મુદ્દાની રકમની વાત છે કેમકે **सम्यग्दर्शनज्ञानचारित्राणिमोक्षमार्गः ।** નિશ્ચય ચારિત્રના સાધક હોવાથી અઠ્યાવીશ મૂળગુણ અને ઉત્તરગુણને વ્યવહારથી ચારિત્ર કહેવામાં આવે છે તોપણ શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગ-ચારિત્ર પરિણતિએ પરિણત થયેલો શુદ્ધાત્મા જ નિશ્ચયનયથી ચારિત્ર છે.

જુઓ! અઠ્યાવીશ મૂળગુણ અને ઉત્તરગુણને નિશ્ચયચારિત્રના સાધક કેમ કહ્યાં?—કે નિશ્ચય ચારિત્રની સાથે જ આવો વ્યવહાર હોય છે. અજ્ઞાની–

મિથ્યાદૃષ્ટિને અઠ્ઠયાવીશ મૂળગુણ અને છકાયની દયા આદિનો યથાર્થ વ્યવહાર હોતો જ નથી. સર્વજ્ઞના કહ્યાં અનુસાર જેને છ દ્રવ્ય તેની સંખ્યા, તેનું ક્ષેત્ર, સાત તત્ત્વ, આત્માના અનંતગુણોની પૂર્ણતા આદિનો વિકલ્પમાં યથાર્થ સ્વીકાર આવ્યો છે તેને જ અંદરમાં નિર્વિકલ્પપ્રતીતપૂર્વક આ શ્રદ્ધાને વ્યવહાર કહેવાય છે. આવી નિશ્ચય-વ્યવહાર શ્રદ્ધાવંતને જ જ્યારે અંદરમાં ચારિત્રદશા આવે છે ત્યારે વિકલ્પમાં અરિહંત દેવને વંદન, સાચા ગુરુને વંદન આદિ છ આવશ્યક અને અઠ્ઠયાવીસ મૂળગુણોનો વિકલ્પ વગેરે અનેક પ્રકારના મુનિની ભૂમિકાને યોગ્ય વિકલ્પ કોને આવે કે જેને અંદરમાં નિશ્ચય ચારિત્રનું પરિણમન થયું છે તેને આવો વ્યવહારનો વિકલ્પ હોય છે. શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગ ચારિત્રની સાથે હોવાથી તે વિકલ્પ અનાત્મા હોવા છતાં, ચારિત્રનું બહિરંગ સાધન તેને કહેવાય છે.

પોતાના પૂર્ણાનંદ સ્વભાવમાં દૃષ્ટિની થાપ મારીને તેમાં એકાકાર થઈ ગયો છે એવા પરિણમનવાળા મુનિને નિશ્ચયચારિત્ર કહ્યું છે. અનુભૂતિની સ્થિરતાનું ચારિત્ર જેને પ્રગટ્યું છે તેને જ ચારિત્ર કહ્યું છે તે સિવાય કોઈને ચારિત્ર કહેવાતું નથી. એ જ રીતે આત્માનું જ્ઞાન તે જ જ્ઞાન છે બાકી કોઈ જ્ઞાન નથી. આત્માની શ્રદ્ધા તે જ દર્શન છે બાકી કોઈ દર્શન નથી. મોક્ષમાર્ગ-પ્રકાશકમાં પણ આ વાત નવમા અધિકારમાં લીધી છે કે એક આત્માની શ્રદ્ધા તે જ શ્રદ્ધા (દર્શન) છે બાકી સાત તત્ત્વની શ્રદ્ધા, દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, સ્વ-પરની શ્રદ્ધા એ બધો વ્યવહાર છે. પૂર્ણાનંદના નાથની અંતરમાં શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા તે જ સાચા દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે તે જ નિશ્ચય છે બાકી બધો વ્યવહાર છે. નિશ્ચય તે જ સાધ્ય છે, તે જ આત્મા છે. તે જ અંતરંગ સાધક છે માટે તે જ ઉપાદેય છે.

પરમાત્મતત્ત્વની દશા તો એ તત્ત્વમાં જ હોય, દેહમાં કે નિમિત્તમાં કે રાગમાં તેની દશા ન હોય. રાગાદિ વિકલ્પદશા એ તો આસ્રવતત્ત્વ છે અને શરીર તો જડની પર્યાય છે તેમાંથી આત્માની પર્યાય ક્યાંથી થાય!

નિશ્ચયનો સહચર હોવાથી વ્યવહારને નિશ્ચયનો સાધક કહ્યો છે પણ નિશ્ચય-સાધક તો અનંત જ્ઞાનાદિ ગુણોનો નાથ પોતે જ પરિણમતો પોતાનો સાધક થાય છે. કારણ કે સાધક નામનો ગુણ તેના પોતામાં જ પડ્યો છે. અંતરમાં પડેલો સાધકગુણ જ સાધન થઈને પરિણમે છે ત્યારે સાથે વિકલ્પમાં શું હોય છે તેનું જ્ઞાન કરાવવા માટે વ્યવહાર સાધન કહેવામાં આવ્યું છે. ત્રણ કષાયનો અભાવ થયો છે અને વીતરાગ પરિણતિએ પરિણમ્યા છે એવા ચારિત્રવંત મુનિને અઠ્ઠયાવીસ મૂળગુણ પાળવાનો જ

વિકલ્પ હોય, નગ્ન રહેવાનો જ વિકલ્પ હોય બીજો વિકલ્પ ન હોય. વસ્ત્ર, પાત્ર લેવાનો વિકલ્પ ન હોય એવી વિકલ્પની મર્યાદા હોય તે બતાવીને તેને બહિરંગ સાધક કહ્યું છે.

છકાયની દયા પાળવાનો વિકલ્પ પણ દિગંબરલિંગ સિવાય અન્યમતમાં ક્યાંય હોતો નથી કેમ કે તે તો છકાયના જીવો જાણતાં પણ નથી. આમ, છકાય જીવની રક્ષા આદિ બધાં વિકલ્પોને ભૂમિકાને યોગ્ય ગણીને તેને વ્યવહારે સાધન કહ્યું છે, બાહિરંગ-કારણ કહ્યું છે.

તાત્પર્ય એ છે કે અભેદરૂપે પરિણમેલો પરમાત્મા જ ધ્યાન કરવાયોગ્ય છે. આ સરવાળો છે. ભેદોનું જ્ઞાન કરાવ્યું પણ કોઈ ભેદ ઉપાદેય નથી. અંતરમાં દૃષ્ટિ જ્ઞાન અને રમણતામાં એકાકાર થઈને ધ્યાનરૂપે પરિણમે છે તે આત્મા જ ઉપાદેય છે, બાકી વ્યવહારાદિ વિકલ્પનું ધ્યાન કરવા લાયક નથી. માત્ર વચ્ચે આવે છે તે વિકલ્પ જાણવાલાયક છે. [ ક્રમશઃ ]

સાધ્ય-સાધકભાવરૂપ નિશ્ચય-વ્યવહારના પરમસંધિકાર શ્રી સદ્‌ગુરુદેવનો જય હો.

---

## □ આત્મદર્શનનું કૂતુહલ તો કર ! □

તારી મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય જે પર તરફ ઝૂકેલી છે તેને, પ્રથમ શ્રુતજ્ઞાનના બળ વડે જ્ઞાનસ્વભાવી આત્માનો દૃઢ નિર્ણય કરીને, અંદર જ્યાં પરમાત્મસ્વરૂપ પ્રભુ બિરાજે છે ત્યાં વાળ, તેની સન્મુખ કર. એમ કરવાથી તને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થશે. ભાઈ! પહેલાં તો ભવનો ડર હોવો જોઈએ. ભવભીરું જીવને જ્ઞાની ગુરુ કહે છે : ભાઈ! તારી ચીજ પુણ્ય-પાપના વિકલ્પોથી રહિત એવી ને એવી અંદર પડી છે. એકવાર પ્રસન્ન થઈને જો કે—અહા! આવી ચીજ મેં ક્યારેય નજરમાં લીધી નહોતી. પર્યાયની સમીપ અંદર પ્રભુ બિરાજે છે ત્યાં નજરને—મતિ-શ્રુતની પર્યાયને—લઈ જા, ત્રિકાળી ધ્રુવને ધ્યેય બનાવી દે, તો તને આત્માનાં દર્શન થશે; અને તને વિસ્મય થશે કે—'ઓહો! આ હું ? આવા આત્માના દર્શન માટે મેં કદી ખરું કૂતુહલ જ કર્યું નથી.'

—પૂજ્ય ગુરુદેવ

વિભિન્ન પ્રસંગે મુમુક્ષુસમાજની વિનંતીથી

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જ્ઞાનધારામાંથી વહેલા

## ગુરુભક્તિપૂર્ણ તત્ત્વરસસભર આધ્યાત્મિક-ઉદ્‌ગાર

* આ ભરતક્ષેત્રમાં દિવ્યધ્વનિની જેમ જ ગુરુદેવની ધ્વનિ ગાજતી હતી. તેના શ્રવણ જેવું બીજું સૌભાગ્ય કયું ? ગુરુદેવે બધાને દ્રવ્યદૃષ્ટિનો અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય તરફ ઝૂકવાનો ઉપદેશ આપ્યો. તું પણ આ તરફ ઝૂકી જા; નિધાન તારી પાસે જ છે, ક્યાંય ગોતવા જવું પડે એમ નથી.

* અજ્ઞાની વિભાવને પોતાના માની રહ્યો છે. શુભભાવ મારો— પૂજા કરું, ભક્તિ કરું, સ્વાધ્યાય કરું, મનન કરું એમ તેમને એકાકારપણે પોતાનાં માની રહ્યો છે, પણ તે તો શુભ રાગ છે; તેનાથી તો પુણ્યબંધ થાય છે. તારો ભગવાન આત્મા તો તેનાથી પણ ન્યારો ને ન્યારો જ છે. ન્યારા આત્માને ઓળખ! નિર્વિકલ્પતત્ત્વને ઓળખ! તે કરવા જેવું છે, તેનાથી ભવનો અભાવ થશે.

* અંતરમાં જોવાનો પ્રયત્ન કરે તો અંદરથી બધું પ્રગટે. જેને જિજ્ઞાસા હોય તે અંતરમાં ગયા વગર રહે જ નહિ. આ શરીરાદિ બાહ્ય વસ્તુ છે. વિભાવપર્યાય પણ પોતાનો સ્વભાવ નથી. અંતરમાં એક ચૈતન્યદ્રવ્ય શાશ્વત છે, જેમાં શાશ્વત સુખ છે. જેમાં સુખ હોય એમાંથી જ તે પ્રગટ થાય છે. સુખ વગેરે અંદર તત્ત્વમાંથી જ આવે છે, બહારથી કાંઈ આવતું નથી.

* અંદર શુદ્ધાત્મામાં જ બધું ભર્યું પડ્યું છે. તું પણ પ્રમાદ છોડી ત્યાં દૃષ્ટિ કર. એને માટે ઝાઝા જ્ઞાનની જરૂરત નથી, રુચિ પલટાવી દે.

* ભાઈ! બાહ્ય કથા અને શ્રુતના ચિંતવનમાં કથંચિત્ ભેદ બતાવવાની અપેક્ષાએ એમ કહેવાય કે 'બાહ્ય કથા નીરસ લાગે છે અને શ્રુતના ચિંતવનમાં રસ આવે છે;' પરંતુ પરિણતિ નિર્વિકલ્પ તત્ત્વમાં નિર્વિકલ્પપણે જામી જતાં જે આનંદરસ ઝરે છે તેની અપેક્ષાએ, તથા અંતરમાં નિર્વિકલ્પપણે સદાને માટે જવાની ભાવના નિરંતર વર્તે છે તેની અપેક્ષાએ તત્ત્વ-અનુકૂળ વિચાર પણ નીરસ લાગે છે.

* નિર્વિકલ્પદશા વખતે પોતાની તે જાતની પરિણતિ દોડતી પ્રગટ થાય છે, તેમાં પરનો કોઈ આશ્રય હોતો નથી. પોતાની સહજ પરિણતિની દશા પ્રગટ થઈ છે. એ સહજસ્વરૂપ આત્મા, તેનું સહજ જ્ઞાન, તેનું સહજ દર્શન ને તેની સહજ ચારિત્રપરિણતિ સહજ દશાએ પ્રાપ્ત થાય છે, તેની દોડ જ તે તરફ થઈ જાય છે. તેને ચૈતન્ય વગર ચેન પડતું નથી, તેથી તેની તરફ જ તેની દોડ થઈ જાય છે. તે જ જીવનનું કર્તવ્ય છે.

* નિવૃત્તિના પંથે જવું તે મુક્તિનો માર્ગ છે. તેમાંથી શાંતિની ધારા પ્રગટ થાય છે. નિવૃત્તિનો અર્થ શૂન્યતા નથી; આત્મા અંતરમાં તો આનંદમુદ્રિત સ્વસંવેદનસામર્થ્યથી ભરપૂર છે. તે સ્વભાવને પ્રગટ કર. તે આશ્ચર્યરૂપ છે, અનુપમ છે. ગુરુદેવ તે બતાવતા હતા.

* અનંતા જ્ઞેયો જ્ઞાનમાં ઝળકે, તોય મને એમાં આશ્ચર્ય નથી, આશ્ચર્યકારી મહિમાવંત તો મારો આત્મા છે. તે આત્મામાં મેં દૃષ્ટિ સ્થાપી છે. દૃષ્ટિ–અપેક્ષાએ ક્રોધ–માન–માયા–લોભ, તથા મન–વચન–કાયા આદિના બધા વિકલ્પોનો મારામાં અભાવ છે. પરિણતિમાં પુરુષાર્થ ઊપડતાં—ઉપયોગ પોતા તરફ વળતાં—સ્વાનુભૂતિ થાય છે; ત્યાં જ આત્માની વિશ્રાંતિ છે, અનંત કાળના થાકનો વિરામ ત્યાં જ છે.

* અનંત કાળથી જ્ઞેયોમાં એકત્વબુદ્ધિપૂર્વક તેમને ગ્રહવાની જે ભૂલ કરતો હતો તે હવે મેં છોડી દીધી છે. વિભાવથી જુદો પડતાં હું પાંચ ઇન્દ્રિયોથી ભિન્ન સ્વયં જ્ઞાતા થઈ ગયો છું. સ્વપરને જાણવું તે તો મારો સ્વભાવ છે; હું આનંદસાગરમાં રહેનારો, ચૈતન્યનગરમાં વસનારો છું; મને જ્ઞેયોનું આશ્ચર્ય નથી, આખો લોકાલોક જણાય તોપણ મને તેનું આશ્ચર્ય નથી, હું પોતે જ આશ્ચર્યકારી મહિમાવંત પરમ પદાર્થ છું.

* જ્ઞાયક આખો અદ્‌ભુત મહિમાથી ભરેલો છે. તેનામાં અદ્‌ભુતતા ભરેલી છે. માટે બીજી બધી અદ્‌ભુતતા છોડીને એક જ્ઞાયકની અદ્‌ભુતતા ગ્રહણ કર. તે જ જીવનની સફળતા છે અને તે જ કરવા જેવું છે. બાકી બધું તેની આગળ તુચ્છ છે. વિશેષતા ચૈતન્યદ્રવ્યની જ છે.

[તા. ૬-૧૨-૯૫]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન–વૈરાગ્ય–ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો–ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર–દર્શન-પૂજા

સવારે ૮–૪૫ થી ૯–૪૫ : શ્રી સમયસાર પર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ–પ્રવચન

સવારે ૧૦–૧૫ થી ૧૧–૦૦ : પુરુષો માટે શિક્ષણવર્ગ

બપોરે ૩–૦૦ થી ૪–૦૦ : 'શ્રી પ્રવચનસાર' ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર-વાંચન

બપોરે ૪–૦૦ થી ૪–૧૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪–૧૫ થી ૪–૪૫ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૭–૩૦ થી ૮–૩૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી ઇષ્ટોપદેશ' ઉપર ભાવવાહી ટેપ–પ્રવચન.

[તા. ૨૪–૧૨–૯૫ થી તા. ૨–૧–૯૬]

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં પુરુષો માટે

##卐 જૈન ધાર્મિક શિક્ષણ વર્ગ 卐

સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મવિદ્યાના પ્રબળ પ્રવર્તક પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાભૂમિ શ્રી સોનગઢમાં તા. ૨૪–૧૨–૯૫, રવિવાર થી તા. ૨–૧–૯૬, મંગળવાર સુધી દસ દિવસના ધાર્મિક શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર નિમંત્રણ છે. શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક છે.

* પૂજ્ય ગુરુદેવશ્રીનાં સમાધિદિન નિમિત્તે કાયમી મંડલવિધાન પૂજા—(૧) સ્વ. રતિલાલ હરગોવિંદદાસ મોદી ઘાટકોપર, હસ્તે. ચંપાબેન મોદી; (૨) સ્વ. ભીખાલાલ મગનલાલ શાહ, હસ્તે. હીરાભાઈ દેહગામવાળા;

* પ્રાસંગિક મંડલવિધાન પૂજા—(૧) શ્રી લખુભાઈ નાગરદાસ બોટાદવાળા, હસ્તે નયનભાઈ તરફથી રાખવામાં આવી હતી.

સૂચના :-(૧) ટ્રેઇન સંબંધી જણાવવાનું કે :—સુરેન્દ્રનગરથી ભાવનગર આવતો મેઇલ તેમ જ ભાવનગરથી સુરેન્દ્રનગર જતો મેઇલ પહેલાના ટાઇમ મુજબ થઈ ગયેલ છે. તેથી સૌરાષ્ટ્ર મેઇલનું સુરેન્દ્રનગરથી બન્ને વખતે (સવારે તથા સાંજે) કનેક્શન મળે છે. સુરેન્દ્રનગરથી આવતો મેઇલ સોનગઢ ૧૨-૫૧ વાગે પહોંચાડશે તેમ જ ભાવનગરથી સુરેન્દ્રનગર જતો મેઇલ સોનગઢથી બપોરે ૩ વાગે મળશે.

(૨) ટેલીફોન નંબર સંબંધી જણાવવાનું કે :—સ્થાનિક ફોન નંબરમાં દરેક નંબરમાં આગળ '૪૪' લગાડવાના અર્થાત્ પાંચ અંકડાના નંબરો થઈ ગયા છે.

દા. ત. ૪૪૩૩૪ – સંસ્થાની ઓફિસ ૪૪૩૮૪ – સમિતિ
૪૪૩૫૮ – મેનેજર શ્રી ચંપકભાઈના ઘરનો ૪૪૩૫૧ – કહાનનગર સોસાયટી
૪૪૩૩૭ – ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમ તેમ જ બહારગામથી સોનગઢ ફોન કરવા માટે STD CODE No. 02846 થયેલ છે.

* કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિદિન નિમિત્તે પાંચ દિવસ માટે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની કેસેટમાં ૨૫% ડિસ્કાઉન્ટ માટે—

રૂા. ૩૦૦૦/= રાજકોટનિવાસી સ્વ. પ્રભુલાલ મોહનલાલ ધીયા,

રૂા. ૧૦૦૦/= રાજકોટનિવાસી સ્વ. ઇચ્છાબેન વેલજીભાઈ દોશી, (હસ્તે બ્ર. શાનુબેન દોશી, રાજકોટ)—તરફથી જાહેર કરવામાં આવ્યા હતા. *

## વૈરાગ્ય સમાચાર :—

* વઢવાણનિવાસી (હાલ થાણા) શ્રી સવિતાબેન ચમનલાલ નાગરદાસ શાહ (તે સ્વ. શ્રી મરઘાબેન (રાજકોટ)ના પુત્રી) તા. ૨૦-૧૧-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી (હાલ થાણા) શ્રી ચમનલાલ નાગરદાસ શાહ તા. ૨૨-૧૧-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી (હાલ બેંગલોર) શ્રી જિતુભાઈ ચીમનલાલ મહેતા (વર્ષ-૪૭) તા. ૨૭-૧૧-૯૫ના રોજ કાર-એક્સીડન્ટથી સ્વર્ગવાસ પામ્યા છે.

—પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નત્તિ પામો એ જ ભાવના. —*—

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* ધ્રુવના ધ્યેયની ધૂન તે ધર્મ. ન્યાલભાઈને ધ્રુવનું જ રટણ હતું. તેમણે મૂળ તો પર્યાયની એકદમ ગૌણતા કરીને બધી વાત કરી છે, વાત ખોટી નથી, સાચી છે. "વ્યવહારો અભૂયત્થો" જે કહ્યું છે એ જ વાત છે. પર્યાયમાત્ર એમણે અભૂતાર્થમાં લઈ લીધી છે. કારણ કે ધ્રુવમાં પર્યાય નથી ને!—એટલે ભિન્ન છે...ભિન્ન છે...એમ કહ્યું છે. મૂળ તો ગૌણતા કરાવી છે. ૧૧. (સં. ૨૦૨૪ના કા. સુદ ૧ના મંગલ સુપ્રભાતની બોણી)

* સિદ્ધ જેવો જ છું અને અરિહંત જેવો જ છું એવા વિશ્વાસમાં શુદ્ધ અસ્તિત્વનું જોર આપવું છે. જેવા અરિહંત–સિદ્ધ છે એવો જ હું છું એમ બેની સમાનતામાં શુદ્ધ અસ્તિત્વના વિશ્વાસનું જોર છે. ૧૨.

* હું જ્ઞાયક છું...જ્ઞાયક છું...જ્ઞાયક છું—એમ અંદરમાં રટણ રાખ્યા કરવું, જ્ઞાયક સન્મુખ ઢળવું, જ્ઞાયક સન્મુખ એકાગ્રતા કરવી. આહાહા! એ પર્યાયને જ્ઞાયક સન્મુખ વાળવી બહુ કઠણ છે, અનંતો પુરુષાર્થ માગે છે. જ્ઞાયકતળમાં પર્યાય પહોંચી, આહાહા! એની શી વાત! એવો પૂર્ણાનંદ નાથ પ્રભુ! એની પ્રતીતિમાં, એના વિશ્વાસમાં–ભરોંસામાં આવવો જોઈએ કે અહો! એક સમયની પર્યાય પાછળ આવડો મોટો ભગવાન તે હું જ! ૧૩.

* વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં લાખો કરોડો દેવોની હાજરીમાં એમ ફરમાવતા હતા કે તું પરમાત્મા છો એમ નક્કી કર! તું પરમાત્મા છો એમ નક્કી કર! ઓહોહો!! ભગવાન! પણ તમે પરમાત્મા છો એટલું તો નક્કી કરવા દ્યો!—કે એ પરમાત્મા અમે છીએ એ નક્કી ક્યારે થશે?–કે તું પરમાત્મા છો એવો અનુભવ થશે ત્યારે પછી આ પરમાત્મા છે એવો વ્યવહાર તને નક્કી થશે. નિશ્ચય નક્કી થયા વિના વ્યવહારનું નક્કી થશે નહિ. ૧૪.

ફોન નં. ૪૪૩૩૪ "આત્મધર્મ" Regd. No. GBV. 10

## □ જીવનની ધન્ય પળ □

અહો! આ મનુષ્યપણામાં આવા પરમાત્મસ્વરૂપનો માર્ગ સેવવો, આદર કરવો એ જીવનની કોઈ ધન્ય પળ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયક જ છે, એ એને ભાસમાં આવે, ગમે તેવા પ્રસંગમાં પણ હું જ્ઞાયક છું...જ્ઞાયક છું એમ ભાસમાં આવે, જ્ઞાયકનું લક્ષ રહે તો તે તરફ ઢળ્યા જ કરે.

—ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH–364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઇલથી) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૬/–
વિદેશ માટે (સી-મેઇલથી) રૂા. ૧૮/–
[ વિદેશ માટે એર-મેઇલથી મંગાવવા માટે વાર્ષિક રૂા. ૧૬૮/– પોસ્ટેજના અલગ ]